# મલયાનિલ

કંચનલાલ વાસુદેવ મહેતા (ઉપનામ: *મલયાનિલ*) (૧૮૯૨ - ૨૪ જૂન ૧૯૧૯) ગુજરાતી ભાષામાં આધુનિક ટૂંકી વાર્તાના પ્રણેતા માનવામાં આવે છે. તેમની ટૂંકી વાર્તા 'ગોવાલણી' આધુનિક શૈલીની ગુજરાતી ભાષાની પ્રથમ ટૂંકી વાર્તા હતી. સત્યાવીસ વર્ષની ટૂંકી વયે એમનું અવસાન થયું હતું. મૃત્યુ પછી તેમનો વાર્તાસંગ્રહ 'ગોવાલણી અને બીજી વાતો' પ્રકાશિત થયો હતો.

**મલયાનિલ (જ. 1892, અમદાવાદ; અ. 24 જૂન 1919): ગુજરાતી વાર્તાકાર. મૂળ નામ કંચનલાલ વાસુદેવ મહેતા. જન્મ સાઠોદરા નાગર જ્ઞાતિમાં. એમના પિતા અમદાવાદમાં મિલમાં સારા હોદ્દા પર હતા.**

**એમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં. 1908માં મૅટ્રિક. 1912માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ગ્રૅજ્યુએટ. શાળામાં અભ્યાસ દરમિયાન અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના અભ્યાસનો રસ. તેઓ ચિત્રકામ અને સંગીતની પ્રવૃત્તિમાં પણ ઘણો શોખ ધરાવતા હતા. બી.એ. થયા પછી અમદાવાદમાં દીવાસળીના કારખાનામાં નોકરી. તે દરમિયાન પણ અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસનો રસ જાળવી રાખ્યો. 1913 માં પ્રથમ અને 1916 માં બીજી એલ. એલ. બી. ની**

પરીક્ષા પસાર કરી અમદાવાદમાં તેઓ જ્ઞાતિની ‘સુધારક સભા’માં સક્રિય રહ્યા હતા. સાહિત્ય સભા, ગોખલે સોસાયટી તથા હોમરૂલ લીગ જેવી સંસ્થાઓમાં ભાગ લેવાનો એમનો મનસૂબો હતો; પણ વધારે વ્યાપક પ્રવૃત્તિ થઈ શકે તે માટે તેમણે અમદાવાદ છોડ્યું અને 1916 પછી મુંબઈમાં ભાઈશંકર કાંગા નામે સોલિસિટરની પેઢીમાં નોકરી લીધી અને વકીલાત પણ આરંભી.

તેઓ ગ્રેજ્યુએટ થયા તે દરમિયાન જ તેમણે ‘ગોળમટોળ શર્મા’ના તખલ્લુસથી કવિતા અને હાસ્યરસપ્રધાન વાર્તાઓ તત્કાલીન સામયિકો ‘સુંદરીસુબોધ’, ‘વાર્તાવારિધિ’ અને ‘ભક્ત’ જેવામાં લખી તેમની સર્જનપ્રવૃત્તિનો પ્રારંભ કર્યો.

અંગ્રેજી અભ્યાસના પ્રભાવે એમની વાર્તાઓએ કલાત્મક રૂપ ધારણ કરવા માંડ્યું હતું અને 1913થી તેમણે ‘મલયાનિલ’ના તખલ્લુસથી વાર્તાઓ લખવા માંડી હતી. 1918માં તેઓ ‘વીસમી સદી’ સામયિકના તંત્રી અલારખિયા હાજી મહમ્મદ શિવજી (1839–1921)ના પરિચયમાં આવ્યા અને એમના પ્રોત્સાહનથી ગુજરાતીમાં સીમાચિહ્નરૂપ બનેલી ‘ગોવાલણી’ વાર્તા સર્જી. તે 1918માં ‘વીસમી સદી’માં પ્રગટ થઈ હતી. આ વાર્તા હાસ્યરસ, પાત્રનિર્મિતિ, વસ્તુસંઘટના અને પ્રસંગોના નિરૂપણની દૃષ્ટિએ નોંધપાત્ર છે અને તત્કાલીન બોધદાયક કે ઉપદેશાત્મક વલણોથી મુક્ત છે. આ સમય દરમિયાન ધનસુખલાલ મહેતા(1890–1974)ની પણ નવી રીતિની વાર્તાઓ રચાવા માંડી હતી. પણ સામાન્ય રીતે મલયાનિલની આ વાર્તાથી ગુજરાતી સાહિત્યમાં કલાત્મક ટૂંકી વાર્તાનો આરંભ મનાય છે. એમાં કલામય સ્વરૂપના

નિર્માણની સૂઝ તેમજ ભાષાશૈલીની સભાનતા વર્તાય છે. એમની અન્ય વાર્તાઓ જોતાં પ્રસંગની માવજત દ્વારા ચોટદાર આકૃતિ ઊભી કરવાનો એમનો પ્રયત્ન આધુનિક નવલિકાની નિર્માણરીતિની ઝાંખી કરાવે છે. એમની આવી વાર્તાઓથી તેઓ ગુજરાતી ટૂંકી વાર્તાના આરંભક ગણાયા છે. એમણે અન્ય ઘણી વાર્તાઓ લખી હોવા છતાં એમનો એક પણ સંગ્રહ એમની હયાતી દરમિયાન પ્રસિદ્ધ થયો ન હતો. એમની 22 વાર્તાઓનો સંગ્રહ ‘ગોવાલણી અને બીજી વાતો’ નામે 1935માં એમનાં પત્ની ડૉ. ભાનુમતી દ્વારા પ્રગટ થયો. એમણે લખેલાં કાવ્યોની સંખ્યા 250 જેટલી થવા જાય છે. એમણે હાસ્યરસપ્રધાન અને હળવાં કાવ્યો ઉપરાંત લેખો પણ રચ્યા છે. એમની વાર્તાકલા પૂર્ણપણે ખીલે તે પૂર્વે જ અપેન્ડિસાઇટિસની બીમારીથી એમનું અવસાન થયું.

## કનૈયાલાલ મુનશી

કનૈયાલાલ માણેકલાલ મુનશી (૩૦ ડિસેમ્બર ૧૮૮૭ - ૮ ફેબ્રુઆરી ૧૯૭૧) (ઉપનામ: ઘનશ્યામ વ્યાસ) જેઓ ક. મા. મુનશી તરીકે પણ જાણીતા હતા, ભારતીય સ્વતંત્રતાસેનાની, રાજકારણી, ગુજરાતી ભાષાના જાણીતા લેખક અને શિક્ષણશાસ્ત્રી હતા. તેઓ વ્યવસાયે વકીલ હતા, અને પછીથી લેખન અને રાજકારણ તરફ વળ્યા હતા. ગુજરાતી સાહિત્યમાં તેઓ અત્યંત જાણીતા હતા. તેમણે ૧૯૩૮માં શિક્ષણ સંસ્થા ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી હતી.

તેમનો જન્મ ૩૦ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ ભરૂચમાં માણેકલાલ અને તાપી બાને ત્યાં થયો હતો. તેમનો શાળાકીય અભ્યાસ આર. એસ. દલાલ હાઇસ્કૂલમાં થયો હતો. ૧૯૦૧માં તેમણે મૅટ્રિકની પરિક્ષા પાસ કરીને ૧૯૦૨માં વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. વડોદરામાં તેમના શિક્ષક અરવિંદ ઘોષનો તેમના પર ઊંડો પ્રભાવ પડ્યો હતો. મહારાજા સયાજીરાવ ગાયકવાડ તૃતિય, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ભુલાભાઈ દેસાઇ પણ તેમના આદર્શ હતા. ૧૯૦૫માં પ્રથમ વર્ગ સાથે *અંબાલાલ સાકરલાલ પારિતોષિક* જીતીને ઇન્ટરની પરીક્ષા પસાર કરી અને ૧૯૦૭માં *એલિયટ પ્રાઈઝ* સાથે બી.એ.ની પદવી મેળવી. ૧૯૧૦માં તેમણે એલ.એલ.બી.ની પરિક્ષા ઉત્તિર્ણ કરી અને ૧૯૧૩માં તેમણે મુંબઈ હાઇકોર્ટમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો.

# લગ્ન

૧૯૦૦માં નાની ઉંમરે તેમના લગ્ન અતિલક્ષ્મી સાથે થયા. ૧૯૨૪માં અતિલક્ષ્મીનું અવસાન થયું હતું. ૧૯૨૬માં તેમણે લીલાવતી શેઠ સાથે પુન:લગ્ન કર્યા હતા. લીલાવતી મુનશી પણ જાણીતા ગુજરાતી સાહિત્યકાર હતા.

# સાહિત્ય

સાહિત્યની સેવાના પ્રારંભ રૂપે તેમણે ૧૯૧૨માં *ભાર્ગવ* અને ૧૯૨૨માં '*ગુજરાત*' માસિકનો પ્રારંભ કર્યો. ૧૯૨૬માં ગુજરાતી

સાહિત્ય પરિષદના બંધારણમાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમણે ૧૯૩૮માં ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી અને ૧૯૩૭, ૧૯૪૯, ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે રહ્યા. ૧૯૫૯માં તેમણે *સમર્પણ* માસિકનો પ્રારંભ કર્યો.

## અવસાન

૮ ફેબ્રુઆરી ૧૯૭૧ના દીવસે ૮૩ વર્ષની જૈફ વયે મુંબઈમાં તેમનું અવસાન થયું.

# સર્જન

કનૈયાલાલ મુનશીની પહેલી નવલકથા '*પાટણની પ્રભુતા*' જે તેમણે ઘનશ્યામના નામે લખી હતી. જ્યારે '*પાટણની પ્રભુતા*'ને આવકાર મળ્યો ત્યાર પછી તેમણે પોતાના સાચા નામે ગુજરાતી સાહિત્યમાં લખવાનુ શરૂ કર્યું. '*જય સોમનાથ*' એ *રાજાધિરાજ* કૃતિ છે, પણ હંમેશા પહેલી ગણાય છે. જીવનના અંતિમ વર્ષોમાં તેઓ કૃષ્ણભક્તિ તરફ વળ્યા હતા અને એટલે તેમની છેલ્લી રચના કૃષ્ણાવતાર છે, જે અધુરી છે.

તેમણે લખેલા સાહિત્યમાં કેટલીક ઉલ્લેખનીય રચનાઓ નીચે મુજબ છે:

# નવલકથાઓ

- મારી કમલા (૧૯૧૨)
- વેરની વસુલાત (૧૯૧૩) (*ઘનશ્યામ* ઉપનામ હેઠળ)
- પાટણની પ્રભુતા (૧૯૧૬)
- ગુજરાતનો નાથ (૧૯૧૭)
- રાજાધિરાજ (૧૯૧૮)
- પૃથિવીવલ્લભ (૧૯૨૧)
- સ્વપ્નદ્રષ્ટા (૧૯૨૪)
- લોપામુદ્રા (૧૯૩૦)
- જય સોમનાથ (૧૯૪૦)
- ભગવાન પરશુરામ (૧૯૪૬)
- તપસ્વિની (૧૯૫૭)
- કૃષ્ણાવતાર ભાગ ૧ થી ૮ (અપૂર્ણ)
- કોનો વાંક
- લોમહર્ષિણી
- ભગવાન કૌટિલ્ય
- પ્રતિરોધ (૧૯૦૦)
- અવિભક્ત આત્મા

## નાટકો

- બ્રહ્મચર્યાશ્રમ (૧૯૩૧)
- ડૉ. મધુરિકા (૧૯૩૬)
- પૌરાણિક નાટકો

## અન્ય

- કેટલાક લેખો (૧૯૨૬)
- અડધે રસ્તે (૧૯૪૩)
- સીધાં ચઢાણ
- સ્વપ્નસિદ્ધિની શોધમાં
- ભગ્ન પાદુકા
- પુરંદર પરાજય
- તર્પણ
- પુત્રસમોવડી
- વાવા શેઠનું સ્વાતંત્ર્ય
- બે ખરાબ જણ
- આજ્ઞાંકિત
- ધ્રુવસંવામિનીદેવી
- સ્નેહસંભ્રમ
- કાકાની શશી
- છીએ તે જ ઠીક
- મારી બિનજવાબદાર કહાણી
- ગુજરાતની કીર્તિગાથા

# અંગ્રેજી

- Gujarat & its Literature
- I Follow the Mahatma
- Early Aryans in Gujarat
- Akhand Hindustan
- The Aryans of the West Coast
- The Indian Deadlock
- The Imperial Gurjars
- Ruin that Britain Wrought
- Bhagavad Gita and Modern Life
- The Changing Shape of Indian Politics
- The Creative Art of LIfe
- Linguistic Provinces & Future of Bombay
- Gandhi : The Master
- Bhagavad Gita - An Approach
- The Gospel of the Dirty Hand
- Glory that was Gurjaradesh
- Our Greatest Need
- Saga of Indian Sculpture
- The End of an Era (Hyderabad Memories)
- Foundation of Indian Culture
- Reconstruction of Society through Trusteeship
- The World We Saw
- Warnings of History
- Gandhiji's Philosophy in Life and Action

## સન્માન




ભારતીય ટપાલ ટિકિટ પર કનૈયાલાલ મુનશી

૧૯૮૮માં તેમના માનમાં ભારતના ટપાલ વિભાગ તરફથી ટપાલ ટિકિટ બહાર પડાઇ હતી

## ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (ઉપનામ: *ધૂમકેતુ*) (૧૨ ડિસેમ્બર ૧૮૯૨ - ૧૧ માર્ચ ૧૯૬૫) ગુજરાતી નવલિકાકાર, નવલકથાકાર, ચિંતક-વિવેચક, નિબંધકાર, ચરિત્રકાર, નાટ્યકાર તરીકે પ્રસિધ્ધ છે.

| ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી | |
|---|---|
| જન્મ | ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી<br>**12 December 1892**<br>વીરપુર, વીરપુર રજવાડું, બ્રિટિશ ભારત |
| મૃત્યુ | **11 March 1965 (ઉંમર 72)** |
| ઉપનામ | ધૂમકેતુ |
| વ્યવસાય | ટૂંકી વાર્તા લેખક, નવલકથાકાર |
| ભાષા | ગુજરાતી |
| રાષ્ટ્રીયતા | ભારતીય |

| | |
|---|---|
| શિક્ષણ | બી.એ. |
| નોંધપાત્ર સર્જનો | *પોસ્ટ ઑફિસ તણખા મંડળ* ભાગ ૧, ૨, ૩, ૪ (૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૫) |
| નોંધપાત્ર પુરસ્કારો | • રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૩૫; અસ્વીકાર)<br>• નર્મદ સુવર્ણ ચંદ્રક (૧૯૪૯) |
| જીવનસાથી | કાશીબેન |

## જીવન

તેમનો જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં થયો હતો. તેમણે ૧૯૧૪ માં મૅટ્રિક પાસ કર્યું હતુ. ત્યારબાદ ૧૯૨૦માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે બી.એ (બેચલર ઓફ આર્ટસ) ની પદવી મેળવી હતી. ગોંડલ રાજ્યની રેલવે ઑફિસમાં અને પછી ગોંડલની હાઈસ્કૂલમાં. ૧૯૨૩થી અમદાવાદમાં સ્થાયી થયા. પ્રારંભમાં અંબાલાલ સારાભાઈના બંગલાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે અને પછી સર ચીનુભાઈ બેરોનેટના બંગલાની ખાનગી શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું. નાનપણમાં સાંભળેલી વાર્તાઓ, બાલ્યાવસ્થાનો વાચનશોખ, શ્રીમન્ નથુરામ શર્માના આશ્રમનું પુસ્તકાલય, આસપાસની પ્રકૃતિ આદિ ધૂમકેતુના સાહિત્યસર્જનનાં મહત્વનાં પ્રેરક બળો રહ્યાં. ૧૯૪૪માં વડોદરામાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૫ મા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. ૧૯૫૭-૫૮માં સાહિત્ય અકાદમી, દિલ્હીના ગુજરાતી ભાષાના સલાહકાર બોર્ડમાં સભ્ય.

## સર્જન



ઊભેલામાંથી બીજા ક્રમે જયભિખ્ખુ; બેઠેલામાંથી પહેલા ક્રમે ધીરુભાઈ ઠાકર અને છેલ્લા ક્રમે ધૂમકેતુ

એમણે અનેક ગદ્યસ્વરૂપો ખેડયાં છે, પરંતુ એમની કીર્તિ તો નવલિકાકાર તરીકે જ પ્રતિષ્ઠિત છે. એમના આગમન પૂર્વે ગુજરાતી સાહિત્યમાં મલયાનિલ આદિ દ્વારા નવલિકા-લેખનની આબોહવા સર્જાઈ હતી, પરંતુ અનેક કલાત્મક વાર્તાઓના સર્જનને લીધે ધૂમકેતુ ગુજરાતી નવલિકાના આદ્ય પ્રણેતા ગણાયા. ‘તણખા’ મંડળ ૧ થી ૪ (૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૫), ‘અવશેષ’ (૧૯૩૨), ‘પ્રદીપ’ (૧૯૩૩), ‘મલ્લિકા અને બીજી વાર્તાઓ’ (૧૯૩૭), ‘ત્રિભેટો’ (૧૯૩૮), ‘આકાશદીપ’ (૧૯૪૭), ‘પરિશેષ’ (૧૯૪૯), ‘અનામિકા’ (૧૯૪૯), ‘વનછાયા’ (૧૯૪૯), ‘પ્રતિબિંબ’ (૧૯૫૧), ‘વનરેખા’ (૧૯૫૨), ‘જલદીપ’ (૧૯૫૩), ‘વનકુંજ’ (૧૯૫૪), ‘વનરેણુ’ (૧૯૫૬), ‘મંગલદીપ’ (૧૯૫૭), ‘ચન્દ્રરેખા’ (૧૯૫૯), ‘નિકુંજ’ (૧૯૬૦), ‘સાન્ધ્યરંગ’ (૧૯૬૧), ‘સાન્ધ્યતેજ’ (૧૯૬૨), ‘વસંતકુંજ’ (૧૯૬૪) અને ‘છેલ્લો ઝબકારો’ (૧૯૬૪) એ ચોવીસ સંગ્રહોની નવલિકાઓમાં સામાન્ય, દીનદરિદ્ર પાત્રોનો પ્રથમવારનો પ્રવેશ ગુજરાતી નવલિકાક્ષેત્રે ક્રાંતિરૂપ હતો. એમની નવલિકાઓ ભાવનાવાદી

છે, તો વાસ્તવલક્ષી પણ છે. ભાવનાવાદી નવલિકાઓમાં મસ્તીભર્યા, રંગદર્શી, કલ્પનારંગ્યા વાતાવરણમાં તેઓ કોઈ આદર્શ કે ભાવનાનું નિરૂપણ અને ઊર્મિનું ઉત્કટ આલેખન કરે છે. વાસ્તવલક્ષી નવલિકાઓમાં એમનો ઝોક સમાજસુધારણા પ્રત્યેનો છે. ગાંધીભાવનાનો પડઘો પણ એમણે ઝીલ્યો છે. માનવસંવેદનાની સૂક્ષ્મ ક્ષણો, લાગણીઓ, નારીની વેદના, કરુણા તથા વત્સલતા, માનવઅંતરનાં દ્વન્દ્વ વિષાદ કે આનંદનાં નિરૂપણો તેમાં છે; તો પ્રાચીનકાળ, મધ્યકાળ અને ભવિષ્યકાળને નિરૂપતી વર્તાઓ પણ અહીં છે.

ધૂમકેતુ રંગદર્શી પ્રકૃતિના સર્જક છે, પરિણામે લાગણી-નિરૂપણ, વેગ, કવિતાની નિકટ બેસતી ગદ્યશૈલી, વાતાવરણની ચિત્રાત્મકતા અને ક્યારેક ચિંતન તેમ જ ધૂની-તરંગી પાત્રો એમની નવલિકાઓમાં પ્રગટ થાય છે. એમની વાર્તાકથનની નિજી લાક્ષણિક શૈલી છે. લોકબોલીનો લહેજો, કાવ્યમય આલંકારિક અને સચોટ પ્રભાવ નિરૂપતું ગદ્ય તથા સંવાદો એમની નવલિકાઓને ઓપ આપે છે. કટાક્ષ તથા હાસ્યનો પણ એમાં ઉપયોગ થયો છે. એમની નવલિકાઓમાં અતિપ્રસ્તારને કારણે ક્યારેક સંવિધાન કથળે છે. ગ્રામજીવન પ્રત્યેનો પક્ષપાત, નગર-યંત્ર-સંસ્કૃતિ પ્રત્યેનો અણગમો, જૂનાં મૂલ્યોની પ્રતિષ્ઠા, ઊર્મિનો અતિરેક, ચિંતનનો અનુચિત મોહ, અતિમુખરતા, લેખકનું ભાષ્ય આદિ એમની વાર્તાઓની સીમાઓ છે. આમ છતાં ‘પોસ્ટઑફિસ’, ‘ભૈયાદાદા’, ‘લખમી’, ‘હૃદયપલટો’, ‘એક ટૂંકી મુસાફરી’, ‘જીવનનું પ્રભાત’, ‘તિલકા’, ‘બિન્દુ’, ‘સોનેરી પંખી’, ‘ત્રિકોણ’, ‘રતિનો શાપ’, ‘રજપૂતાણી’, ‘માછીમારનું ગીત’ ઇત્યાદિ નવલિકાઓ આવી સીમાઓથી મુક્ત કલાત્મક કૃતિઓ છે.

એમણે સામાજિક-ઐતિહાસિક નવલકથાઓ વિપુલ પ્રમાણમાં આપી છે. એમની ‘પૃથ્વીશ’ (૧૯૨૩), ‘રાજમુગુટ’ (૧૯૨૪), ‘રુદ્રશરણ’ (૧૯૩૭), ‘અજિતા’ (૧૯૩૯), ‘પરાજય’ (૧૯૩૯), ‘જીવનનાં ખંડેર’ (૧૯૬૩), ‘મંઝિલ નહીં કિનારા’ (૧૯૬૪) વગેરે સામાજિક નવલકથાઓમાં સાંપ્રત સમાજની અભિપ્રેરણા છે. દેશી રજવાડાંની ખટપટોને આલેખતી તે નવલકથાઓમાં નૂતન પરિસ્થિતિમાં પ્રગટતી લોકજાગૃતિ નિરૂપાઈ છે, તો સાથોસાથ લોકતંત્ર, ગ્રામસ્વરાજ આદિ ભાવનાના નિરૂપણ સાથે રાજખટપટનો યથાર્થ ચિતાર પણ છે. એમની નવલકથાઓમાં પાત્રવસ્તુમાં આદર્શમયતાનું નિરૂપણ છે, ગામડાં પ્રત્યેનો પક્ષપાત છે; છતાં કથાવેગ, ચરિત્રચિત્રણ, રહસ્યમતા અને શૈલીને કારણે વાચનક્ષમતા છે. ‘ચૌલાદેવી’ (૧૯૪૦), ‘રાજસંન્યાસી’ (૧૯૪૨), ‘કર્ણાવતી’ (૧૯૪૨), ‘રાજકન્યા’ (૧૯૪૩), ‘વાચિનીદેવી’ (૧૯૪૫), ‘જયસિંહ સિદ્ધરાજ’ (બર્બરજિષ્ણુ) (૧૯૪૫), ‘જયસિંહ સિદ્ધરાજ’ (ત્રિભુવન ખંડ) (૧૯૪૭), ‘જયસિંહ સિદ્ધરાજ’ (અવંતીનાથ) (૧૯૪૮), ‘ગુર્જરેશ્વર કુમારપાળ’ (૧૯૪૮), ‘રાજર્ષિ કુમારપાળ’ (૧૯૫૦), ‘નાયિકાદેવી’ (૧૯૫૧), ‘રાય કરણ ઘેલો’ (૧૯૫૨), ‘અજિત ભીમદેવ’ (૧૯૫૩), ‘આમ્રપાલી’ (૧૯૫૪), ‘વૈશાલી’ (૧૯૫૪), ‘મગધપતિ’ (૧૯૫૫), ‘મહાઅમાત્ય ચાણક્ય’ (૧૯૫૫), ‘ચન્દ્રગુપ્ત મોર્ય’ (૧૯૫૬), ‘સમ્રાટ ચન્દ્રગુપ્ત’ (૧૯૫૭), ‘પ્રિયદર્શી અશોક’ (૧૯૫૮), ‘પ્રિયદર્શી સમ્રાટ અશોક’ (૧૯૫૮), ‘મગધસેનાપતિ પુષ્પમિત્ર’ (૧૯૫૯), ‘કુમારદેવી’ (૧૯૬૦), ‘ગુર્જરપતિ મૂળરાજદેવ’ : ૧-૨ (૧૯૬૧), ‘પરાધીન ગુજરાત’ (૧૯૬૨), ‘ભારતસમ્રાટ ચન્દ્રગુપ્ત’ : ૧,૨ (૧૯૬૩, ૧૯૬૪), ‘ધ્રુવદેવી’ (૧૯૬૬) વગેરે એમની ઐતિહાસિક નવલકથાઓમાં ગુપ્તયુગ અને

ચૌલુકયયુગનું નિરૂપણ છે. ગુપ્તયુગની નવલકથાઓ દ્વારા ભારતની અને ચૌલુકયયુગની નવલકથાઓ દ્વારા ગુજરાતની અસ્મિતા પ્રગટ કરવાનો એમનો ઉદ્દેશ જણાય છે. એમાં રસજિજ્ઞાસા સંતોષતી કથા-ઘટનાનું સંયોજન છે, છતાં સંવિધાન-શિથિલતા, પ્રસંગો-પાત્રોની એકવિધતા, રહસ્ય-ભેદભરમ-સાહસ-અદભૂત રસાદિનું સાયાસ નિરૂપણ તેમ જ વર્ણન-પ્રસ્તારને કારણે એમની ઐતિહાસિક નવલકથા સીમિત રહે છે.

‘જીવનવિચારણા’ (૧૯૭૦)માં એમના સમાજવિષયક નિબંધો છે, તો ‘સાહિત્યવિચારણા’ (૧૯૬૯) માં ટૂંકીવાર્તાની સ્વરૂપવિચારણા છે. પ્રથમ કૃતિમાં સમાજહિતચિંતક ધૂમકેતુ દેખા દે છે અને તેમાં સુબદ્ધ વિચારોનું ઊંડાણ છે, તો બીજી કૃતિમાં ટૂંકીવાર્તા અંગે વિચારણા તથા કેટલાક અંજલિલેખો છે. અહીં નિબંધસ્વરૂપ કંઈક શિથિલ છે. નિબંધો ચિંતનપ્રેરક ઓછા, ઊર્મિપ્રેરક વિશેષ છે. અહીં એમની સૂત્રાત્મક સબળ શૈલી છે. ‘પાનગોષ્ઠિ’ (૧૯૪૨) માં પણ ચિંતન છે, પણ એમાં બહુધા હાસ્યનિબંધિકાઓ છે. જોકે અહીં એમનો હાસ્યકાર તરીકે પ્રગટ થવાનો આયાસ દેખાઈ આવે છે. ‘પગદંડી’ (૧૯૪૦) માં એમણે પ્રકૃતિસૌંદર્યનાં વર્ણનોને અનુભૂતિની સાહજિકતા અને આલંકારિક ગદ્યનો સ્પર્શ આપ્યો છે. સ્થળોનાં ઐતિહાસિક સંદર્ભો એમની બહુશ્રુતતાનો અહીં પરિચય કરાવે છે.

‘રજકણ’ (૧૯૩૪), ‘જલબિંદુ’ (૧૯૩૬), ‘મેઘબિંદુ’ (૧૯૫૦), ‘પદ્મરેણુ’ (૧૯૫૧) જેવી કૃતિઓમાં ચિંતનકણિકાઓનું દર્શન થાય છે. એમાં સુરમ્ય વિચારકંડિકાઓ, લઘુલેખો અને નિબંધો છે. સૂત્રાત્મક શૈલીની સાથોસાથ ગદ્યના કુશળ કસબી ધૂમકેતુનો સન્નિષ્ઠ નિબંધલેખક તરીકેનો એમાં પરિચય મળે છે. એમનો જીવનોત્સાહ, એમની સૌંદર્યભક્તિ તથા

ભાવનાશીલતા એમાં નીતરે છે. ‘કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય’ (૧૯૪૦) એમનો ચરિત્રગ્રંથ છે, તો ‘જીવનપંથ’ (૧૯૪૯) અને ‘જીવનરંગ’ (૧૯૫૬) એમની આત્મકથા છે. પ્રથમ કૃતિમાં હેમચન્દ્રાચાર્યના વ્યક્તિત્વનું મૂલ્યાંકન છે પણ વિગતોમાં તટસ્થતાનો અભાવ અને ઇતિહાસનો બોજ વરતાય છે. ‘જીવનપંથ’ અને ‘જીવનરંગ’ માં ૧૮૯૨ થી ૧૯૨૬ સુધીનાં સંસ્મરણોનું આલેખન છે. પ્રકૃતિનાં કલ્પનાશીલ ચિત્રાત્મક વર્ણનો, વિવિધ પાત્રસૃષ્ટિ, વીતેલા જમાનાની ઘટનાઓ આદિ સુંદર રીતે આલેખાયાં છે; ઉપરાંત એમાં લેખકનું વિદ્યાર્થી, મિત્ર, શિક્ષક અને સાહિત્યકારનું સ્વરૂપ પ્રગટે છે. સત્યકથન અને સુવાચ્ય શૈલી એ એની લાક્ષણિકતા છે.

‘એકલવ્ય અને બીજાં નાટકો’ (૧૯૩૩) તેમ જ ‘ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો’ (૧૯૪૨) એમના નાટ્યસંગ્રહો છે.

જિબ્રાનની કૃતિઓ અને ટાગોરની ‘ગીતાંજલિ’ ના એમણે કરેલા ભાવાનુવાદમાં તે તે સર્જક સાથે હૃદયસંવાદ સાધી એમણે કાવ્યમય ભાષાશૈલી અને ચિંતનમાધુર્યના સ્વ-સામર્થ્યનો પરિચય કરાવ્યો છે. આ ઉપરાંત, સ્વરાજપ્રાપ્તિ પછી સામાન્યજનના સંસ્કારશિક્ષણને પોષતી બાળસાહિત્ય અને પ્રૌઢસાહિત્યની સરળ ને બોધક સાઠેક પુસ્તિકાઓ એમણે લખી છે. ‘ઇતિહાસદર્શન’, ‘ઇતિહાસની તેજમૂર્તિઓ’ (૧૯૫૫) અને ‘ઇલિયડ’ (૧૯૬૧) એમનાં પ્રકીર્ણ વિષયનાં પુસ્તકો છે.

*તણખા : મંડળ ૧,૨,૩,૪ (૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૫)* ધૂમકેતુના ટૂંકીવાર્તાઓના સંગ્રહો. કલ્પના અને લાગણીઓ જગાવીને જે કહેવાનું છે તેનો માત્ર ધ્વનિ જ-તણખો-જ-મૂકે છે એવું, નિજી કલાશ્રદ્ધામાંથી જન્મેલું ધૂમકેતુનું વાર્તાવિશ્વ ઊર્મિપ્રધાન, ભાવનાપ્રધાન, રંગદર્શી અને

વૈવિધ્યસભર છે. ગુજરાતમાં જ નહીં, ભારતભરમાં અને ભારત બહાર પણ આ વાર્તાઓની પ્રસિદ્ધિ છે. વિપુલ સર્જનનો સંદર્ભ હોય કે વાર્તાકૌશલનો સંદર્ભ હોય, પાત્રમાનસના નિરૂપણનો સંદર્ભ હોય કે સર્જકતાની કોટિનો સંદર્ભ હોય-આ સર્વ સંદર્ભોમાં ધૂમકેતુ અગ્રણી વાર્તાકાર છે. આ વાર્તાઓ 'વીજળીના ચમકારાની પેઠે એક દ્રષ્ટિબિંદુ રજૂ કરતાં કરતાં સોંસરવી નીકળી' જવાનો અને 'બીજી ઝાઝી લપછપ વિના અંગુલિનિર્દેશ કરીને સૂતેલી લાગણીઓ જગાડી વાંચનારની આસપાસ એક નવી જ કાલ્પનિક સૃષ્ટિ ઘડી' કાઢવાનો મનસૂબો ધરાવે છે. ક્યારેક ઊર્મિના અતિરેકથી આવતો ઘેરો રંગ, ક્યારેક આદર્શઘેલછા, ક્યારેક ગ્રામજીવન તરફનો અકારણ પક્ષપાત, ક્યારેક અવાસ્તવિક રીતે આવતા ઓચિંતા પલટાઓ એ આ વાર્તાઓની મર્યાદાઓ હોવા છતાં 'પોસ્ટઓફિસ', 'ભૈયાદાદા', 'ગોવિંદનું ખેતર', 'પૃથ્વી અને સ્વર્ગ', 'રજપૂતાણી', 'જીવનનું પ્રભાત' જેવી વાર્તાઓમાં ધૂમકેતુનો સર્જન-વિશેષ જોઈ શકાય છે. આ વાર્તાઓમાં કલાનિર્મિત સાથે જીવનમૂલ્યોનું જીવંત રસાયણ થયેલું છે. ગુજરાતી ટૂંકીવાર્તા ધૂમકેતુથી પ્રસ્થાપિત થઈ એ વાતની સાક્ષી આ ચાર મંડળો અવશ્ય પૂરે છે.

*ચૌલાદેવી (૧૯૪૦)* ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'ની ચૌલુક્યવંશીની નવલકથા. એમાં રાજા ભીમદેવના સમયની કથા છે. સોમનાથ-પાટણના પતન પછી ગુજરાતની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગી ચૂકી હતી; પરાક્રમી રાજા ભીમદેવ ભગવાન પિનાકપાણિના દેવમંદિરની રક્ષા કરી શક્યા નહીં તે કારણે ગુજરાતનો રાજ્વી ઉપહાસપાત્ર બન્યો હતો; બરાબર તે જ વખતે પાટણ આંતરિક અસંતોષથી ધૂંધવાતું હતું. બહારનાં ઉપહાસ અને અંદરના જવાળામુખી વચ્ચે ગુજરાતની ગર્વોન્નત

પ્રતિમા ઉપસાવવા મંત્રી વિમલ, સંધિવિગ્રહિક દામોદર અને અભિજાતસુંદરી ચૌલાદેવી મથે છે. ચૌલાદેવીની ઉદાત્તત્તાનો અને સ્વપ્નમંડિત ભાવનાનો સ્પર્શ લગભગ તમામ પાત્રોને થયો છે. ગુજરાતના નિર્માણની એ પ્રેરણામૂર્તિ બને છે.

## ટૂંકી વાર્તાઓ

### *પોસ્ટ ઑફિસ*

*મુખ્ય લેખ: પોસ્ટ ઑફિસ (ટૂંકી વાર્તા)*

પુત્રીના પત્રની પ્રતીક્ષામાં દરરોજ સવારે પોસ્ટઑફિસે જઈ બેસતા વૃદ્ધ અલીડોસાના ઉત્કટ વાત્સલ્યને નિરૂપતી ધૂમકેતુની અત્યંત જાણીતી ટૂંકી વાર્તા.

### *ભૈયાદાદા*

ધૂમકેતુની જાણીતી ટૂંકીવાર્તા. રેલવે અધિકારી સાંધાવાળા ભૈયાદાદાને એમની કોઈ ગફલતને કારણે વહેલા નિવૃત્ત કરી દે છે અને ફાટક પાસેની ઝૂંપડી-વાડીના પ્રેમમાં પડેલા ભૈયાદાદા ઝૂંપડીવાડી ખાલી કરવાને બદલે ખોળિયું ખાલી કરીને ચાલી નીકળે છે- એવું કથાનક કરુણને ઝંકૃત કરી જાય છે.

### *રજપૂતાણી*

એમાં ચોમાસામાં ગરાસણીને મળવા નીકળેલા અને રૂપેણમાં ડૂબી અવગતે થયેલા ગરાશિયાનું ઘર માંડવા અંતે પાણીમાં ડૂબી જતી ગરાસણીનું કથાનક લોકકથાત્મક અને રહસ્યપૂર્ણ છે.


### પુરસ્કારો

તેમને ૧૯૩૫માં રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો, પણ પરત કરેલો. ૧૯૫૩માં તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક એનાયત થયો હતો.

# રામનારાયણ પાઠક

**રામનારાયણ વિશ્વનાથ પાઠક** (ઉપનામ: *દ્વિરેફ*, *શેષ*, *સ્વૈરવિહારી*) ગુજરાતી કવિ અને લેખક હતા. તેમના પર ગાંધીવાદી વિચારોનો ઉંડો પ્રભાવ હતો અને તેમણે વિવેચન, કવિતા, નાટક અને ટૂંકી વાર્તામાં યોગદાન આપ્યું હતું. તેમણે કેટલાક સંપાદનો અને ભાષાંતરો કર્યા હતા. ૧૯૪૬માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. ૧૯૪૯માં તેમને *પ્રાચીન ગુજરાતી છંદો* માટે નર્મદ સુવર્ણ ચંદ્રક અને *બૃહદ પિંગળ* માટે ૧૯૫૬માં સાહિત્ય અકાદમી એવોર્ડ મળ્યો હતો.

## રામનારાયણ વિ. પાઠક



| | |
|---|---|
| **જન્મનું નામ** | રામનારાયણ વિશ્વનાથ પાઠક |
| **જન્મ** | રામનારાયણ વિશ્વનાથ પાઠક<br>9 April 1887<br>ગણોલ, ધોળકા તાલુકો, અમદાવાદ જિલ્લો |
| **મૃત્યુ** | 21 August 1955 (ઉંમર 68)<br>મુંબઈ |
| **ઉપનામ** | દ્વિરેફ, શેષ, સ્વૈરવિહારી |
| **વ્યવસાય** | કવિ, વિવેચક, વાર્તાકાર, નિબંધકાર, પિંગળશાસ્ત્રી |
| **ભાષા** | ગુજરાતી |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **શિક્ષણ** | • બી.એ.<br>• એલ.એલ.બી. |
| **માતૃ શિક્ષણ સંસ્થા** | વિલ્સન કોલેજ, મુંબઈ |
| **સમયગાળો** | ગાંધી યુગ |

| | |
|---|---|
| નોંધપાત્ર સર્જનો | • *બૃહદ પિંગળ* |
| નોંધપાત્ર પુરસ્કારો | નર્મદ સુવર્ણ ચંદ્રક (૧૯૪૯)<br>સાહિત્ય અકાદમી એવોર્ડ (૧૯૫૬) |
| જીવનસાથી | હીરા પાઠક |

તેમનો જન્મ ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલા ગણોલ ગામમાં ૧૮ એપ્રિલ ૧૮૮૭ના દિવસે થયો હતો. તેમના પિતા શિક્ષક હતા. તેઓ મેટ્રિક પાસ થયા બાદ વધુ આગળ અભ્યાસ કરી વકીલ બન્યા. વકીલાતના વ્યવસાયમાં અઢળક આવક હોવા છતાં તેમાં તેમનો જીવ ન લાગતાં, સાહિત્ય તેમ જ શિક્ષણ જેવાં ટાંચી આવક આપતાં ક્ષેત્રોમાં કાર્ય કરવા લાગ્યા. તેમણે *પ્રસ્થાન* માસિક દ્વારા સાહિત્યના વિવિધ પાસાંઓ સાથે વિશેષ પરિચય કેળવ્યો.

તેમનાં નામમાં બે વાર ર અક્ષર આવતો હોવાને કારણે દ્વિરેફ ઉપનામથી વાર્તાઓ પ્રગટ કરી. કાવ્યોની રચનાઓ તેમણે શેષ ઉપનામ દ્વારા કરી તેમ જ સ્વૈરવિહાર ઉપનામથી હળવી શૈલીના નિબંધો પણ લખ્યા છે.

## અંગત જીવન

તેમના બીજા લગ્ન હીરા પાઠક સાથે થયેલા, જેઓ કવિયત્રી અને વિવેચક હતા. તેમને કોઇ સંતાન નહોતું. હીરા પાઠકે તેમના અવસાન પામેલા પતિ રામનારાયણને સંબોધીને લખેલ કવિતાનો સંગ્રહ *પરલોકે પત્ર* (૧૯૭૮) પ્રકાશિત કર્યો હતો. તેમણે અત્યંત પ્રશસ્તિ પામેલા

વિવેચન ગ્રંથો *આપણું વિવેચનસાહિત્ય* અને *કાવ્યાનુભવ* પણ લખ્યા હતા.

## સર્જન

### વિવેચન ગ્રંથો

- અર્વાચીન ગુજરાતી કાવ્યસાહીત્ય (૧૯૩૩)
- નર્મદાશંકર કવિ (૧૯૩૬)
- અર્વાચીન કાવ્ય સાહિત્યના વહેણો (૧૯૩૮)
- કાવ્ય ની શક્તિ (૧૯૩૯)
- સાહિત્યવિમર્શ (૧૯૩૯)
- નર્મદ : અર્વાચીન ગધ્યપધ્યનો આધ્ય પ્રણેતા (૧૯૪૫)
- સાહિત્યલોક (૧૯૫૪)
- નભોવિહાર (૧૯૬૧)
- આકલન (૧૯૬૪)
- કાવ્યપરિશીલન (૧૯૬૫), નગિનદાસ પારેખ સાથે
- શરદ્સમિક્શા (૧૯૮૦)

### વાર્તાસંગ્રહો

- દ્વિરેફ ની વાતો – ૧ (૧૯૨૮)
- દ્વિરેફ ની વાતો – ૨ (૧૯૩૫)

- દ્વિરેફ ની વાતો – ૩ (૧૯૪૨)
- ચુંબન અને બીજી વાતો (નગીનદાસ પારેખ સાથે, ૧૯૨૪) આ એક યુરોપિયન વાર્તાનો અનુવાદ છે.

**વાર્તાઓ**

- મુકુન્દરાય
- રજ્જનું ગજ
- ખેમી
- બુદ્ધીવિજય
- સૌભાગ્યવતી
- જમનાનું પૂર
- કમાલ જમાલની વાર્તા

**નાટ્યસંગ્રહ**

- કુલાંગાર અને બીજી કૃતિઓ (૧૯૫૯)

**કાવ્યસંગ્રહ**

- રાણક્દેવી (૧૯૨૧) તેમણે "જાત્રાળુ" ઉપનામથી આ એક્માત્ર કાવ્ય લખ્યું હતુ.
- શેષનાં કાવ્યો (૧૯૩૮)
- વિશેષ કાવ્યો (૧૯૫૯) રા. વિ. પાઠક નો મર્ણોપરાંત કાવ્યસંગ્રહ

**પિંગળગ્રંથો**

- પ્રાચીન ગુજરાતી છંદો

- બૃહદપિંગળ (૧૯૫૫)
- મધ્યમ પિંગળ (આ ગ્રંથ મૃત્યુના કારણે અધુરો રહ્યો હતો)

### નિબંધસંગ્રહ

તેમણે નીચેના હળવા નિબંધો લખ્યાં છે.

- સ્વૈરવિહાર — ૧ (૧૯૩૧)
- સ્વૈરવિહાર — ૨ (૧૯૩૭)

મનોવિહાર (૧૯૫૬) માં ગંભીર નિબંધો આપેલા છે.

## સન્માન

ઉમાશંકર જોષી એ તેમને "ગાંધી યુગના સાહિત્યગુરુ" તરીકે અને યશવંત શુક્લાએ તેમને ગુજરાતી ટૂંકી વાર્તાના સૌથી ઊંચા શિખર તરીકે ઓળખાવ્યા છે. તેમની ટૂંકી વાર્તા *ઉત્તર માર્ગનો લોપ* (૧૯૪૦) માટે તેમને ૧૯૪૩માં મોતીસિંહજી મહિડા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. ૧૯૪૯માં તેમને *પ્રાચીન ગુજરાતી છંદો* માટે હરગોવિંદદાસ કાંટાવાળા પારિતોષિક અને *બૃહદ પિંગળ* માટે ૧૯૫૬માં સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

## અવસાન

૨૧મી ઓગસ્ટ ૧૯૫૫ ના રોજ પાઠકનું હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું.

# સર્જક:રમણલાલ દેસાઈ

| | |
|---|---|
| જન્મ | ૧૨ મે 1892<br>શિનોર |
| મૃત્યુ | ૨૦ સપ્ટેમ્બર 1954<br>વડોદરા |
| વ્યવસાય | લેખક |
| ભાષા | ગુજરાતી ભાષા |
| રાષ્ટ્રીયતા | ભારત, બ્રિટીશ ભારત, ભારતીય અધિરાજ્ય |
| મુખ્ય પુરસ્કારો | રણજિતરામ સુવર્ણચંદ્રક |



રમણલાલ દેસાઈ

દેસાઈ રમણલાલ વસંતલાલ (૧૨-૫-૧૮૯૨, ૨૦-૯-૧૯૫૪) ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, કવિ હતા.

## જીવન

તેમનો જન્મ શિનોર (જિ. વડોદરા)માં થયો હતો. વતન કાલોલ (જિ. પંચમહાલ). પ્રાથમિક શિક્ષણ શિનોરમાં. માધ્યમિક અને કૉલેજનું શિક્ષણ વડોદરામાં થયું હતું. અંગ્રેજી મુખ્ય વિષય સાથે ૧૯૧૪માં બી.એ. અને ૧૯૧૬માં એમ.એ. ૧૯૪૮માં નિવૃત્ત થયાં ત્યાં સુધી વડોદરા રાજ્યની નોકરી. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત ખરા, પણ સ્વાતંત્ર્ય-આંદોલનમાં સીધી રીતે ક્યારેય સંકળાયેલાં નહીં. ૧૯૫૨માં વિશ્વશાંતિ પરિષદમાં અખિલ ભારત શાંતિ પરિષદના પ્રતિનિધિ તરીકે વિયેનાની મુલાકાત. ત્યાંથી રશિયાનો પ્રવાસ. ૧૯૩૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૪૧ની ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્યવિભાગના પ્રમુખ. હૃદય બંધ પડવાથી વડોદરામાં અવસાન.

# સર્જન


શ્રી રમણલાલ વ. દેસાઈના પુસ્તકો

સંપુટ-૧

નવલકથાઓ

જયંત * શિરીષ * કોકિલા * હૃદયનાથ * સ્નેહયજ્ઞ * દિવ્યચક્ષુ * પૂર્ણિમા * ભારેલો અગ્નિ + ગ્રામલક્ષ્મી ૧થી ૪ * બંસરી * પત્રલાલસા * ઠગ * શોભના * ક્ષિતિજ * ભાગ્યચક્ર * હૃદયવિભૂતિ * છાયાનટ * પહાડનાં પુષ્પ * ઝંઝાવાત * પ્રલય * કાલભોજ * સૌંદર્ય જ્યોત * શૌર્યતર્પણ * બાલાજોગણ * સ્નેહસૃષ્ટિ * શચી પૌલોમી * ત્રિશંકુ * આંખ અને અંજન

સંપુટ-૨


# નવલિકાસંગ્રહો


ઝાકળ * પંકજ * રસબિંદુ * કાંચન અને ગેરુ * દીવડી * સતી અને સ્વર્ગ * ધબકતાં હૈયાં * હીરાની ચમક

સંપુટ-૩

# કાવ્યસંગ્રહો

નિહારિકા * શમણાં

# નાટ્ય સંગ્રહો

શંકિત હૃદય * પરી અને રાજકુમાર * અંજની * તપ અને રૂપ * પુષ્પોની સુષ્ટિમાં * ઉશ્કેરાયેલે આત્મા * કવિદશન * પૂર્ણિમા * બેજુ બહાવરો * વિદેહી * સંયુક્તા

સંપુટ-૪

# પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ * સુવર્ણ રજ * ગ્રામોન્નતિ * ગઈકાલ * મધ્યાહ્નનાં મૃગજળ * તેજચિત્રો * અભિનંદન-ગ્રંથ * ઊર્મિ અને વિચાર * ગુલાબ અને કંટક * અપ્સરા ૧ થી ૫ * રશિયા અને માનવશાંતિ * ગુજરાતનું ઘડતર * સાહિત્ય અને ચિંતન * ભારતીય સંસ્કૃતિ * માનવ સૌરભ * કલાભાવના * શિક્ષણ અને સંસ્કાર * ઊર્મિના દીવડા

ચિંતનમાળા

મહાત્મા ગાંધી * ન્હાનાલાલ-કલાપી * માનવી — પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ *

ભારતીય કલા — સાહિત્ય - સંગીત * સમાજ અને ગણિકા * અંગત - હું લેખક કેમ થયો?

# કિશનસિંહ ચાવડા

શ્રી કિશનસિંહનું મૂળ વતન, ભાંજ, સુરત જિલ્લીમાં સચિન પાસે. કુટુંબ વડોદરા આવીને વસેલું. એટલે વડોદરા જ એમનું વતન. એમનો જન્મ વડોદરામાં ઈ. સ. ૧૯૦૩ની રોજ (તિથિ પ્રમાણે કારતક વદ ૫) ૧૭મી નવેમ્બરે. પિતાનું નામ ગોવિંદસિંહ અને માતાનું નામ નર્મદા. એમનું શિક્ષણ વડોદરા, અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં, શાંતિનિકેતનમાં થયું. ઈ. સ. ૧૯૪૮માં અમેરિકામાં પિટ્સબર્ગમાં કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજીમાં છ મહિના માટે પ્રિન્ટિંગ પ્લાન્ટ મૅનેજમેન્ટનો કોર્સ કરવા પણ ગયેલા. નાનપણથી તેમને આંતરસત્ય ખોજવાની લગની હતી. બહિર્મુખ કહી શકાય એવું જીવન પણ તે જીવ્યા છે પણ અંતસ્તત્વ તેમને સદૈવ ટપારતું, પ્રેરતું અને જીવનનૌકાને અધ્યાત્મ માર્ગે વાળતું રહ્યું છે. તેમનાં માતુશ્રી વૈષ્ણવ હતાં અને પિતાજી નિરાંત સંપ્રદાયના હતા. પણ એમનું ઘડતર જ એવું થયું કે સર્વધર્મ સમભાવ સહજ બની ગયો. જીવનદેવતાએ એમને પ્રતિપળ જાણે દોરતા રહ્યા. બાર વર્ષની વયે એમનું લગ્ન સરસ્વતીબહેન સાથે થયેલું. ઈ. સ. ૧૯૩૦માં એમનું અવસાન થયું. ઈ. સ. ૧૯૩૨માં તેમનું બીજું લગ્ન સાવિત્રીબહેન સાથે થયું. આ પ્રેમલગ્ન હતું. એમનું પ્રથમ લગ્ન સંવાદપૂર્ણ હતું તો આ બીજા લગ્નમાં પણ પારસ્પરિક સમજણથી સહચારધર્મ સહજ બન્યો. પણ પંચોતેર વર્ષના કિશનસિંહભાઈને ઉત્તરવયમાં ધર્મસહચાર સાધી ન શકાયો એ પણ વિધિની યોજના. કિશનસિંહભાઈને વિમલાબહેન ઠકારમાં શ્રીકૃષ્ણપ્રેમનું અંતઃસત્ત્વ જાણે ફરીથી સદેહે મળ્યું અને ‘વિમલ

પ્રતાપે અમે તરી ગયા જાગતા રે’ એવો ભાવ સઘન બન્યો અને પોતે આબુમાં ‘શિવ કુટિ’માં વિમલાબહેનની સાથે સાધના કરતા અને એમનાં પત્ની સાવિત્રીબહેન મીરતોલામાં આશિષદાના માર્ગદર્શન હેઠળ શ્રીકૃષ્ણપ્રેમે સ્થાપેલા આશ્રમમાં વસતાં.

કેટકેટલા અનુભવોમાંથી આ લેખક પસાર થયા છે! એમના વિકાસકાળમાં ભારતના અને વિશ્વના કેટલા બધા મોટા માણસોના સાન્નિધ્યમાં મુકાવાનું સદ્ભાગ્ય તેમને મળેલું હતું! ગાંધીજી, ટાગોર, શ્રી અરવિંદ, શ્રી માતાજી, ભિક્ષુ અખંડાનંદ, મોતીભાઈ અમીન, રોમે રોલાં, પોલ રિચાર્ડ, શ્રીકૃષ્ણપ્રેમ, ગુજરાતી સાહિત્યકારો, સમાજસેવકો અને અન્ય નામાંકિત વ્યક્તિઓ તો ઘણી બધી. આ સૌનો પ્રભાવ ઝીલતાં ઝીલતાં તેઓ સ્વકીય માર્ગે ગતિ કરતા રહ્યા છે.

રાજામહારાજાઓની જીવનસૃષ્ટિ તેમણે જોઈ, પણ એના ચળકાટમાંથી થોડી જ વારમાં નિર્ભ્રાન્ત બની એ માર્ગથી પાછા વળી ગયા અને સત્યશોધન અને જીવનની સાચી સાર્થકતા પામવાના માર્ગે આગળ ધપ્યા. છેલ્લે તે શ્રી કૃષ્ણપ્રેમ પ્રત્યે આકર્ષાયા. તેમણે અને તેમનાં પત્ની સાવિત્રીબહેને સાથે દીક્ષા લીધી અને જીવન સમર્પિત કરી મીરતોલામાં વૈષ્ણવ મધુર ભક્તિની સાધનામાં જીવનની કૃતાર્થતા માણી. ઈ. સ. ૧૯૬૫માં શ્રીકૃષ્ણપ્રેમે દેહ છોડ્યો અને ઈ. સ. ૧૯૬૬માં વિમલાબહેનનું મિલન થયું. ઈ. સ. ૧૯૭૧માં શ્રી કિશનસિંહે મીરતોલા છોડ્યું અને આબુનિવાસ સ્વીકાર્યો.

તેમણે સ્વાતંત્ર્ય લડતોમાં પણ ભાગ લીધેલો. રાષ્ટ્રભક્તિ અને અધ્યાત્મ- અભીપ્સા વચ્ચે સંઘર્ષ પણ અનુભવેલો. થોડો સમય તે શ્રી

અરવિંદ આશ્રમમાં પણ રહેલા. એ જ રીતે રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં અને ગાંધીજીની પાસે પણ રહેલાં. થોડો સમય મુંબઈ ફેલોશિપ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરેલું અને માદામ સોફિયા વાડિયાની સાથે ઇન્ડિયન પી. ઈ. એન.ના મંત્રી તરીકે પણ રહેલા. વડોદરામાં સાધના પ્રેસ નામે છાપખાનું કાઢેલું. પછી પ્રેરણા થતાં એ વેચી પણ નાખ્યું. મુંબઈમાં સરદાર પટેલના પુત્ર ડાહ્યાભાઈની સાથે અખિલ ભારત પ્રિન્ટર્સ લિ.માં વ્યવસ્થાપક તરીકે પણ રહેલા. થોડો સમય રાજા-મહારાજાના સેક્રેટરી તરીકે રહેલા પણ પછી તરત એ કામ છોડી દીધેલું.

શ્રી કિશનસિંહ ચાવડાએ જ્ઞાનેશ્વર રચિત 'જ્ઞાનેશ્વરી'નો ઓવીબુદ્ધ ગુજરાતી અનુવાદ કરી તેમણે ભાષાની અને શ્રેયાર્થીઓની મોટી સેવા કરી છે. એનો પ્રકાશન સમારોહ દાદા ધર્માધિકારીના અધ્યક્ષસ્થાને યોજાયેલો અને અતિથિવિશેષ તરીકે શ્રી ઉમાશંકર જોશી ઉપસ્થિત રહ્યા હતા.

પાછળનાં છેલ્લાં થોડાં વર્ષો કિશનસિંહ ચાવડા અધ્યાત્મ તરફ વળેલા. તેમની આ અધ્યાત્મયાત્રા ૧૯૭૭માં પ્રગટ થયેલા 'અમાસથી પૂનમ ભણી' પુસ્તકમાં આલેખાયેલી છે; પણ ગુજરાતી સાહિત્યમાં તે જાણીતા થયા સવિશેષ જાણીતા થયા તેમના પુસ્તક 'અમાસના તારા'થી. મૂળે આ પ્રસંગો 'સંસ્કૃતિ'માં લેખમાળારૂપે પ્રગટ થયેલા. આ લેખમાળાનું નામ હતું 'જિપ્સીની આંખે' પણ આ 'જિપ્સી'એ કોનું તખલ્લુસ છે એ વિષે જાતજાતની અટકળો થયેલી! આખરે એ કિશનસિંહ ચાવડા જ છે એ પ્રગટ થયું. આ લેખમાળા અનેક નામી-અનામી વાચકોને ખૂબ રોચક અને પ્રેરક નીવડેલી.

'અમાસના તારા' ઘણાં હૃદયોને પ્રેરણાદાયી થઈ પડે એવું પુસ્તક છે. એની પાછળ વિવિધ અનુભવવખારી એવા લેખકનું સમૃદ્ધ વ્યક્તિત્વ રહ્યું છે. એ વ્યક્તિત્વનો સ્પન્દ આપણી ચેતનાને અલૌકિક સૌન્દર્યથી રસી દે છે. સાહિત્ય સ્વરૂપની દૃષ્ટિએ કોઈ કોઈ પ્રસંગચિત્રો બન્યાં છે તો કોઈ કોઈ ટૂંકી વાર્તાનું કમનીય લાવણ્ય પણ ધારણ કરે છે. પણ સઘળાં મનને ભરી દે છે. નિતાન્ત રમણીય છે એ.

શ્રી કિશનસિંહ ચાવડાએ આ પહેલાં ટૂંકી વાર્તાનો સંગ્રહ 'કુમકુમ' આપ્યો હતો, 'ધરતીની પુત્રી' નામે નવલકથા આપી હતી. રવીન્દ્રનાથ, શરદબાબુ અને પ્રેમચંદજીની કૃતિઓ ગુજરાતીમાં ઉતારી હતી, પ્રસંગોપાત્ત ગંભીર નિબંધો પણ તેમણે લખ્યા છે. પણ આ એક એવા સાહિત્યકાર છે જેમની જીવનની ઉપાસના વધુ ગંભીર ભાવે થયેલી છે. અલબત્ત તેમણે ટૂંકી વાર્તા અને અંગત નિબંધના પ્રકારોમાં સારું કામ કરેલું છે, અને ખાસ તો વૈયક્તિક્તાની મુદ્રાવાળું રમણીય ગદ્ય આપીને ગુજરાતી ભાષાના ઉત્કૃષ્ટ ગદ્યલેખકોમાં પોતાનું સ્થાન હંમેશ માટે મેળવી લીધું છે.

'અમાસના તારા' પછી કિશનસિંહે 'હિમાલયની પત્રયાત્રા' પુસ્તક આપ્યું. ઉમાશંકરે યોગ્ય રીતે જ એને 'દ્વિતીય પર્વ' કહ્યું, અને ત્રીજું પર્વ તે એમની જિજ્ઞાસાની યાત્રા આલેખતી વિશિષ્ટ આત્મકથા 'અમાસથી પૂનમ ભણી.' આ ત્રણે પુસ્તકો મળી એક ઘટક બને છે. આ ત્રણેમાં લેખકની અધ્યાત્મ-જિજ્ઞાસાનો રમણીય આલેખ આપણને મળે છે. 'ઇન્ડિયન બુક ક્રોનિકલે' ઈ. સ. ૧૯૭૭ના મારા પ્રિય ગુજરાતી પુસ્તક વિષે લખવાનું કહ્યું ત્યારે મારી પસંદગી 'અમાસથી પૂનમ ભણી' પર

ઊતરી હતી. અન્ય વિદ્યાકાર્ય પણ તેમના હાથે થયું છે. શાન્તિનિકેતનના વસવાટ દરમ્યાન સંશોધન કરી ‘કબીર સંપ્રદાય: એની ગુજરાત અને ગુજરાતી સાહિત્ય પર અસર’ એ પુસ્તક તેમણે તૈયાર કરેલું, તે મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ પ્રગટ કર્યું હતું. ઈ. સ. ૧૯૪૫માં પુત્ર અશોકનું અવસાન થતાં લેખકને થયેલા વિષાદમાંથી બહાર આવવાનું બન્યું એચ. બી. પી.ના ‘ધિ વૉઈસ ઑફ સાયલન્સ’ના અનુવાદકાર્ય દ્વારા. ‘અનાહત નાદ’ નામે એ અનુવાદ ઈ. સ. ૧૯૬૦માં પ્રગટ થયો. શ્રી કૃષ્ણપ્રેમના ‘ધી યોગ ઑફ ધ ભગવદ્ગીતા’ ગ્રંથનો ગુજરાતી અનુવાદ સોમૈયા પબ્લિકેશન તરફથી પ્રગટ થયો છે. બળવંતરાય ઠાકોરને પંચોતેર વર્ષ થયાં ત્યારે ‘પંચોતેરમે’ નામે પુસ્તકનું સંપાદન પણ તેમણે કર્યું હતું.

(ટૂંકમાં )

# કિશનસિંહ ચાવડા

| | |
|---|---|
| **જન્મનું નામ** | કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા |
| **જન્મ** | 17 November 1904<br>વડોદરા, ગુજરાત |
| **મૃત્યુ** | 1 December 1979 (ઉંમર 75)<br>વડોદરા, ગુજરાત[૧] |
| **ઉપનામ** | જિપ્સી |
| **વ્યવસાય** | લેખક, પત્રકાર, અનુવાદક |

| | |
|---|---|
| **ભાષા** | ગુજરાતી |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **માતૃ શિક્ષણ સંસ્થા** | ગુજરાત વિદ્યાપીઠ, શાંતિનિકેતન |
| **નોંધપાત્ર સર્જનો** | • *અમાસના તારા*<br>• *જિપ્સીની આંખે* |
| **નોંધપાત્ર પુરસ્કારો** | નર્મદ સુવર્ણ ચંદ્રક (૧૯૫૦) |
| **સંતાનો** | વિજયસિંહ ચાવડા |

**કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા** (૧૭ નવેમ્બર ૧૯૦૪ – ૧ ડિસેમ્બર ૧૯૭૯) ગુજરાતી લેખક અને પત્રકાર હતા. તેમનું તખલ્લુસ નામ "જિપ્સી" હતું. તેઓએ ગુજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં અભ્યાસ કર્યો હતો. તેમણે એક મુદ્રણ પ્રેસ શરૂ કર્યો હતો અને લેખન ક્ષેત્રે કારકિર્દી બનાવી હતી.

- **જીવન**

કિશનસિંહ ચાવડાનો જન્મ ૧૭ નવેમ્બર ૧૯૦૪ના રોજ વડોદરા ખાતે થયો હતો. તેમનું મૂળ વતન સુરત જિલ્લાના સચીન પાસેનું ભાંજ ગામ હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ વડોદરાથી લીધું હતું. વધુ અભ્યાસ માટે તેઓ ગુજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં જોડાયા હતા. તેમણે શરૂઆતના સમયમાં ફેલોશીપ કોલેજ, મુંબઈમાં અધ્યાપન કાર્ય પણ કર્યું હતું. તેઓએ કેટલાંક દેશી રાજ્યોના શાસકોના અંગત મદદનીશ તરીકે પણ કાર્ય કર્યું હતું. તેમણે ૧૯૨૭-૧૯૨૮માં પોંડિચરી ખાતેના અરવિંદ આશ્રમમાં નિવાસ કર્યો હતો. ૧૯૪૮માં તેઓ અમેરિકા ગયા હતા, જ્યાં તેમણે *કાર્નેગી ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (પિટ્ઝબર્ગ)* ખાતે છ માસ સુધી મુદ્રણ સંયંત્ર પ્રબંધન (પ્રિન્ટિગ પ્લાન્ટ મેનેજમેન્ટ)નો અભ્યાસ કર્યો. ત્યાંથી પરત ફર્યા બાદ વડોદરા ખાતે *સાધના મુદ્રણાલય* નામે એક પ્રિન્ટિગ પ્રેસની સ્થાપના કરી. તેઓએ *ક્ષત્રિય* માસિકના તંત્રી અને *નવજીવન* સામયિકના સહતંત્રી તરીકે પણ કામ કર્યું હતું. ૧૯૬૦થી તેઓ અલમોડા પાસેના મિરતોલા આશ્રમમાં સ્થાયી થયા હતા. ૧ ડિસેમ્બર ૧૯૭૯ના રોજ અરવિંદ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રવચન આપવા દરમિયાન જ વડોદરા ખાતે તેમનું અવસાન થયું હતું.

## સર્જન

વડોદરા ખાતેના પ્રેસ સંચાલન કાર્ય દરમિયાન તેઓ ઉમાશંકર જોષીના સંપર્કમાં આવ્યા. જેના પરિણામે તેઓ સાહિત્ય તરફ આકર્ષાયા. તેમણે પોતાના અનુભવોના આધારે વ્યક્તિગત નિબંધો અને આત્મકથા લખવાનુ શરૂ કર્યું. *અમાસના તારા* (૧૯૫૩) અને *જિપ્સીની આંખે* (૧૯૬૨) એ તેમના અંગત જીવનપાત્રો અને ઘટનાઓ સંબંધિત સ્મૃતિચિત્રો અને રેખાચિત્રોનો સંગ્રહ છે. હિમાલય ખાતેના તેમના વસવાટના અનુભવો *હિમાલયની પદયાત્રા* (૧૯૬૪)માં સંગ્રહિત થયેલાં છે. આ પુસ્તકમાં તેમનો હિમાલય પ્રત્યેનો અધ્યાત્મસંબંધ જોવા મળે છે. *તારામૈત્રક* (૧૯૬૪) એ તેમના ચરિત્રાત્મક લેખોનો સંગ્રહ છે. ૧૯૬૮માં પ્રગટ થયેલ *સમુદ્રના દ્વિપ* જીવન અને અધ્યાત્મ સંબંધિત લેખ સંગ્રહ છે. *અમાસથી પૂનમ ભણી* (૧૯૭૭) એ તેમની આત્મકથા છે. *કુમકુમ* (૧૯૪૨) અને *શર્વરી* (૧૯૫૬) એ તેમના વાર્તાસંગ્રહો છે. ૧૯૫૫માં પ્રગટ થયેલી તેમની નવલકથા *ધરતીની પુત્રી*ના કેન્દ્રબિંદુમાં સીતા છે. *હિન્દી સાહિત્યનો ઇતિહાસ* (૧૯૩૦) એ તેમનો વિવેચન ગ્રંથ છે. આ ઉપરાંત, *કબીર સંપ્રદાય* (૧૯૩૭), તેમનો અભ્યાસ ગ્રંથ છે.

તેઓ બંગાળી તેમજ હિન્દી સાહિત્યથી પરિચિત હતા અને આ બંને ભાષાના સાહિત્યમાંથી ગુજરાતી ભાષામાં કેટલાક અનુવાદો કર્યા છે. *જ્ઞાનેશ્વરી* અને *કૃષ્ણ પ્રેમ* એ તેમના ભગવદ્‌ગીતા પરના ભાષ્ય છે. જે અનુક્રમે મરાઠી (જ્ઞાનેશ્વરી) અને અંગ્રેજી (ધ યોગા ઓફ ભગવદ્ ગીતા)નો ગુજરાતી અનુવાદ છે. તેમણે સમાજ સુધારક ધોન્ડો કેશવ કર્વેના આત્મચરિત્ર (૧૯૨૭)નો ગુજરાતીમાં અનુવાદ કરેલ છે. આ ઉપરાંત, *ગરીબીની હાય* (૧૯૩૦), *જીવનનાં દર્દ* (૧૯૩૦), *સંસાર* (૧૯૩૧), *અંધાપો યાને ગામડિયો સમાજ* (૧૯૩૩), *કુમુદિની* (૧૯૩૫), *ભૈરવી* (૧૯૩૫), *પ્રેમાશ્રમ ભાગ ૧-૨* (૧૯૩૭), *સંત કબીર* (૧૯૪૭), *ચિત્રલેખા* (૧૯૫૭), *અનાહત નાદ* (૧૯૬૦) વગેરે તેમના મહત્ત્વના અનુવાદ ગ્રંથો છે.

*શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ અભિનંદન ગ્રંથ* (૧૯૪૨, સહકાર્ય), *પંચોતેરમે* (૧૯૪૬), *પ્રો. બ.ક.ઠાકોર અધ્યયન ગ્રંથ* (૧૯૬૯, સહકાર્ય), *અરવિંદ ઘોષના પત્રો* અને *પ્રેમાનંદ સાહિત્ય સભા રજત મહોત્સવ ગ્રંથ* એ તેમનાં કેટલાંક અગત્યના સંપાદનો છે.

## સન્માન

- ૧૯૫૦માં તેમના પુસ્તક *અમાસના તારા* માટે તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.

# સુંદરમ્

•

| ત્રિભુવનદાસ લુહાર | |
|---|---|
| **જન્મ** | ત્રિભુવનદાસ પરસોત્તમદાસ લુહાર<br>22 March 1908<br>ભરુચ, ભરૂચનું મિયાંમાતર ગામ , ભારત |
| **મૃત્યુ** | 13 January 1991 (ઉંમર 82) |
| **વ્યવસાય** | લેખક |
| **લેખન પ્રકાર** | કવિતા, ટૂંકી વાર્તાઓ, વિવેચન |
| **નોંધપાત્ર પુરસ્કારો** | રણજિતરામ સુવર્ણ ચંદ્રક |

**ત્રિભુવનદાસ પરસોત્તમદાસ લુહાર**, જેઓ તેમના ઉપનામ **સુન્દરમ્** થી વધુ જાણીતા હતા (૨૨ માર્ચ ૧૯૦૮ - ૧૩ જાન્યુઆરી ૧૯૯૧), ગુજરાતી ભાષાના કવિ અને લેખક હતા.

## જીવન

જન્મ ૨૨ માર્ચ ૧૯૦૮ના રોજ ભરુચ જિલ્લાના ગુજરાતના મિયાં માતરમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ માતર ગામમાં પૂરુ કર્યું અને અંગ્રેજી માધ્યમમાં પાંચ ગ્રેડ સુધીનું શિક્ષણ આમોદ ખાતે પૂર્ણ કર્યું. ત્યારબાદ તેમણે ભરુચમાં આવેલી છોટુભાઈ પુરાણીની રાષ્ટ્રીય ન્યૂ ઇંગ્લિશ શાળામાં અભ્યાસ કર્યો. ૧૯૨૯માં તેમણે ગુજરાત વિદ્યાપીઠ ખાતેથી *ભાષાવિષારદ* તરીકે સ્નાતકની પદવી મેળવી અને સોનગઢમાં આવેલા ગુરુકુળમાં અધ્યાપન કાર્ય શરુ કર્યું. તેમણે ભારતની સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો અને થોડો સમય જેલમાં રહ્યા હતા. તેઓ અમદાવાદમાં સ્ત્રીઓના કલ્યાણ માટે કામ કરતી સંસ્થા જ્યોતિસંઘ સાથે ૧૯૩૫ થી ૧૯૪૫ સુધી સંકળાયેલા હતા. ૧૯૪૫માં શ્રી અરવિંદના સંપર્કમાં આવ્યા અને પોંડિચેરી ખાતે સ્થાયી થયા. ૧૯૭૦માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. તેમનું અવસાન ૧૩ જાન્યુઆરી ૧૯૯૧ના રોજ થયું હતું.

## સર્જન

તેમણે કવિતાથી લેખન કાર્યની શરૂઆત કરી પરંતુ તેઓ સાહિત્યના અન્ય પ્રકારોમાં પણ સફળ થયા હતા. તેમની કવિતા અને ગદ્ય બંને કલ્પનાશક્તિ, ઊંડાણ અને તેજસ્વીતાનો પરિચય આપતા હતા. તેમનું સર્જન આધ્યાત્મિક તેમજ સામાજીક તત્વો ધરાવતું હતું. તેમણે વિવિધ ફિલસૂફીના તબક્કાઓમાં સર્જન કર્યું હતું જેમાં, આધુનિકતાવાદ, સામાજીકતા, ગાંધી ફિલસૂફી અને અરવિંદની સ્વંયઅહેસાસની ફિલસૂફીનો સમાવેશ થાય છે.

## કવિતા

તેમણે ૧૯૨૬માં ઉપનામો **મરિચી** અને *એકાંશ દે* હેઠળ કવિતા લખવાની શરૂઆત કરી. ત્યારબાદ તેમણે '**વિશ્વકર્મા'** ઉપનામ અપનાવ્યું. તેમણે તેમની કવિતા '*બાર્ડોલિન*' ૧૯૨૮માં **સુંદરમ્** ઉપનામ હેઠળ લખી અને પછી તે જીવનભર અપનાવ્યું.

'*કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો*' (૧૯૩૩) તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ હતો, ત્યારબાદ *કાવ્યમંગલા* (૧૯૩૩) પ્રગટ થયો. તેમણે અન્ય સંગ્રહ '*વસુધા*' (૧૯૩૯) અને બાળ કાવ્ય સંગ્રહ '*રંગ રંગ વાદળિયાં*' (૧૯૩૯) પ્રકાશિત કર્યો. '*યાત્રા*' (૧૯૫૧) સંગ્રહ અરવિંદની ફિલસૂફીથી પ્રભાવિત હતો.

### ટૂંકી વાર્તાઓ

**ત્રિશુળ** ઉપનામ હેઠળ તેમણે ટૂંકી વાર્તાઓનો સંગ્રહ પ્રગટ કર્યો હતો. *હીરાકણી અને બીજી વાતો* (૧૯૩૮), *પિયાસી* (૧૯૪૦), ઉન્નયન (૧૯૪૫), '*ખોલકી અને નાગરિકા*' , *તરિણી* (૧૯૭૮), *પાવકના પંથે* (૧૯૭૮) તેમના વાર્તા સંગ્રહો છે.

### વિવેચન

'*અર્વાચીન કવિતા*' (૧૯૪૬) તેમનો ૧૮૪૫ થી ૧૯૩૦ સુધીની ગુજરાતી કવિતાનું વિવેચન છે. *અવલોકન* તેમના વિવેચનનું અન્ય પુસ્તક છે જ્યારે *સાહિત્ય ચિંતન* (૧૯૭૮) સાહિત્યના વિવેચનના સિદ્ધાંતોના લેખોનો સંગ્રહ છે.

## અન્ય

*'વાસંતી પૂર્ણિમા'* (૧૯૭૭) એકાંકી નાટકોનો સંગ્રહ છે. *'દક્ષિણાયન'* (૧૯૪૨) તેમના દક્ષિણ ભારતના પ્રવાસોનું વર્ણન છે. *'ચિદંબરા'* તેમની યાદોનો નિબંધ સંગ્રહ છે. તેમણે *સા વિદ્યા* (૧૯૭૮) નિબંધ સંગ્રહ પણ લખ્યો છે. *'શ્રી અરવિંદ મહાયોગી'* (૧૯૫૦) શ્રી અરવિંદનું ટૂંકુ જીવનવૃત્તાંત છે. તેમણે અનેક સંસ્કૃત, હિંદી અને અંગ્રેજી સાહિત્ય સર્જનોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. તેમાં *'ભગવદજ્જુકીયમ્'* (૧૯૪૦), *મૃચ્છકટિકા* (૧૯૪૪), *કાયા પલટ* (૧૯૬૧), *જનતા અને જન* (૧૯૬૫), લખાણોનો સમાવેશ થાય છે.

તેમણે શ્રી અરવિંદ આશ્રમમાંથી પ્રગટ થતા સામયિકો *દક્ષિણા* (ત્રિમાસિક) અને *બાલદક્ષિણા*નું સંપાદન કર્યું હતું.

- કાવ્યમંગલા
- કોયાભગતની કડવી વાણી
- ગરીબોના ગીત
- વસુધા
- રંગરંગ વાદળીયા
- યાત્રા
- મુદિતા
- વરદા
- ઉત્કંઠા
- હીરાકણી અને બીજી વાતો
- પ્યાસી
- તારિણી
- ખોલકી અને નાગરિકા
- ઉન્નયન
- અર્વાચીન કવિતા
- અવલોકના વગેરે

## પુરસ્કારો

૧૯૩૪માં તેમને *'કાવ્યમંગલા'* માટે રણજિતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. ૧૯૫૫માં તેમના કવિતા સંગ્રહ *'યાત્રા'* માટે તેમને નર્મદ સુવર્ણ ચંદ્રક અને ૧૯૪૬માં વિવેચન માટે મહિડા

પુરસ્કાર મળ્યો હતો. ૧૯૬૮માં તેમના વિવેચન પરના સર્જન '*અવલોકન*' માટે તેમને ગુજરાતીનો સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૮૫માં તેમને ભારતનો ત્રીજો સર્વોચ્ચ પુરસ્કાર પદ્મભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો.

# ઉમાશંકર જોશી

**ઉમાશંકર જોશી** ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને લેખક હતા. તેઓને ૧૯૬૭માં ભારતીય અને ખાસ કરીને ગુજરાતી સાહિત્યમાં તેમના ઉમદા પ્રદાન માટે જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના જીવન ઉપર રવિન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીની ભારે અસર હતી. તેઓ ગાંધી યુગના પ્રધાન સાહિત્યકાર હતા. તેઓએ સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં ખેડાણ કર્યું છે.

## જીવન

તેઓ ગુજરાતના બામણા ગામે ૨૧ જુલાઈ ૧૯૧૧ના દિવસે જન્મ્યા હતા. તેમના માતાનું નામ નવલબેન અને પિતાનું નામ જેઠાલાલ કમળજી જોશી હતું. તેમના માતા - પિતાને કુલ નવ સંતાન હતા જેમાં ઉમાશંકર ત્રીજા ક્રમાંકે હતા. ૧૯૩૭માં તેઓનું લગ્ન જ્યોત્સનાબેન સાથે થયું. નંદિની અને સ્વાતિ તેમની પુત્રીઓ છે.

## શિક્ષણ



ઇડરની સર પ્રતાપ હાઇ સ્કૂલ જ્યાં ઉમાશંકર જોશીએ અભ્યાસ કર્યો હતો

તેઓનું પ્રાથમિક શિક્ષણ બામણામાં અને માધ્યમિક શિક્ષણ ઇડરમાં થયું હતું. ૧૯૨૮માં અમદાવાદમાં ગુજરાત કોલેજથી મેટ્રિક કર્યું. તેઓ ૧૯૩૬માં અમદાવાદમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષય સાથે બી.એ. થયા અને ૧૯૩૮માં સંસ્કૃત અને ગુજરાતી વિષયો સાથે મુંબઈની એલ્ફિસ્ટન કોલેજમાંથી એમ.એ. ઉત્તીર્ણ કર્યું. એમ.એ.માં તેઓ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

## સર્જન

- મુખ્ય કૃતિ - નિશીથ (મધ્ય રાત્રિનો દેવતા)
- કવિતા- વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, મહાપ્રસ્થાન, અભિજ્ઞા , સાતપદ, ધારાવસ્ત્ર, સમગ્ર કવિતા
- પદ્ય નાટકો - પ્રાચીના, મહાપ્રસ્થાન
- એકાંકી- સાપના ભારા, હવેલી , શહીદ
- વાર્તાસંગ્રહો- શ્રાવણી મેળો, વિસામો , ત્રણ અર્ધું બે

- નિબંધ સંગ્રહ – ઉઘાડી બારી , ગોષ્ઠિ
- સંશોધન – પુરાણોમાં ગુજરાત , 'અખો' એક અધ્યયન ;
- વિવેચન – કવિની શ્રદ્ધા , અભિરુચિ
- અનુવાદ – શાકુંતલ, ઉત્તર રામચરિત
- ચિંતન - ઇશાવાસ્યોપનિષદ
- પ્રવાસ - યુરોપયાત્રા (અંગ્રેજી)
- બાળગીત - સો વરસનો થા
- સંપાદન - કલાન્ત કવિ (કવિ બલાશંકરનાં કાવ્યો)
- તંત્રી - 'સંસ્કૃતિ' ૧૯૪૭-૧૯૮૪, બુદ્ધિપ્રકાશ

## પુરસ્કારો

- જ્ઞાનપીઠ પુરસ્કાર - ૧૯૬૭
- રણજિતરામ સુવર્ણચંદ્રક - ૧૯૩૯
- નર્મદ સુવર્ણ ચંદ્રક - ૧૯૪૭
- ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક - ૧૯૬૩
- સોવિએત લેન્ડ નહેરૂ એવોર્ડ - ૧૯૭૩

### સભ્યપદ/હોદ્દાઓ

- સભ્ય - નેશનલ બુક ટ્રસ્ટ - ૧૯૬૫
- સભ્ય - કેન્દ્રીય ભાષા સલાહકર સમિતિ - ૧૯૬૬
- પ્રમુખ - ગુજરાતી સાહિત્ય પરિષદ - ૧૯૬૮

- પ્રમુખ - સાહિત્ય અકાદમી એવોર્ડ- ગુજરાતી - ૧૯૭૮-૧૯૮૨
- કુલપતિ - ગુજરાત યુનિવર્સિટી - ૧૯૭૦
- રાજ્યસભાના સભ્ય - ૧૯૭૦-૧૯૭૬
- કુલપતિ, વિશ્વભારતી યુનિવર્સિટી - શાંતિનિકેતન - ૧૯૭૯-૧૯૮૨
- પ્રમુખ - દિલ્હી સાહિત્ય અકાદમી - ૧૯૭૮-૧૯૮૩

# જયંતિ દલાલ

જયંતિ દલાલ ગુજરાતી સાહિત્યકાર, સ્વાતંત્ર્યસેનાની અને સમાજ સુધારક હતા. લીયો ટૉલસ્ટૉયના પ્રખ્યાત પુસ્તક *WAR and PEACE*નો તેમણે કરેલ ગુજરાતી અનુવાદ *યુદ્ધ અને શાંતિ*એ તેમને અનન્ય પ્રસિદ્ધિ અપાવી હતી. તેઓના ગુજરાતી સાહિત્યમાં પ્રદાન બદલ તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

## જીવન

જયંતી ઘેલાભાઈ દલાલ ,*‘અનિલ ભટ્ટ’, ‘ધરમદાસ ફરદી’, ‘નિર્વાસિત’, ‘બંદા’, ‘મનચંગા’*(૧૮-૧૧-૧૯૦૯, ૨૪-૮-૧૯૭૦): નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક. જન્મ અમદાવાદમાં. પિતા ઘેલાભાઈ ‘દેશી નાટક સમાજ’ ના સંચાલક હતા તેથી આ ફરતી નાટક કંપનીને લીધે, એમનું પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ વિવિધ સ્થળે થયેલું. ૧૯૨૫માં મૅટ્રિક થઈ ઉચ્ચ-અભ્યાસ માટે ગુજરાત કૉલેજમાં જોડાયેલા, પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાંની સક્રિયતાને કારણે ૧૯૩૦માં બી.એ.ના છેલ્લા વર્ષથી અભ્યાસ છોડયો. એ વખતથી આરંભાયેલી એમની રાજ્કીય કારકિર્દી, ૧૯૫૬ માં તેઓ મહાગુજરાતની લડતમાં જોડાયા અને પછી ૧૯૫૭માં વિધાનસભાના સભ્ય થયા ત્યારે શિખરસ્થાને પહોંચી અને ૧૯૬૨ માં તેઓ ચૂંટણી હાર્યા ત્યાં સુધી ટકી ને નોંધપાત્ર રહી. અમદાવાદની રાજ્કીય-સામાજિક પ્રવૃત્તિઓ સાથે, અલબત્ત એક સમાજવાદી વિચારકરૂપે, છેક સુધી સંકળાયેલા રહ્યા. વ્યવસાયે મુદ્રક. ૧૯૩૯થી જિંદગીપર્યંત એમણે પ્રેસ ચલાવ્યું. આ ઉપરાંત જુદાજુદા સમયે ઘણી વૈચારિક ને કલાલક્ષી પ્રવૃત્તિઓ કરી. ‘રેખા’ (૧૯૩૯-૪૦) અને ‘એકાંકી’ (૧૯૫૧) નામનાં સાહિત્ય-રંગભૂમિના સામયિકોનું સંપાદન કર્યું. ‘ગતિ’ સાપ્તાહિક અને મહાગુજરાત આંદોલન સમયે ‘નવગુજરાત’ દૈનિક એ બે વિચારપત્રો ચલાવ્યાં. નાટ્યક્ષેત્રે અભિનય અને દિગ્દર્શનમાં સક્રિય રસ લીધો અને દ્રશ્યકલાની શક્યતાઓ પ્રત્યેના વિશ્વાસથી પ્રેરાઈ દિલ્હીના એક અંગ્રેજી ફિલ્મસાપ્તાહિકનું સંપાદન કરવા સાથે ‘બિખરે મોતી’ નામક ગુજરાતી ફિલ્મનું નિર્માણ (૧૯૩૫) કરવા સુધી પહોંચ્યા. આમ છતાં એમની નોંધપાત્ર સેવા તો સાહિત્યકાર

તરીકેની જ રહી. સાહિત્યને એમણે કરેલા પ્રદાન માટે એમને રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૫૯) અને નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલા. અમદાવાદમાં અવસાન.

## સર્જન

વ્યવસાયી રંગભૂમિ પર જ ઉછેર થયો હોવાથી તખ્તાની ઊંચી જાણકારી ધરાવતા એમણે ‘જવનિકા’ (૧૯૪૧), ‘પ્રવેશ બીજો’ (૧૯૫૦), ‘પ્રવેશ ત્રીજો’ (૧૯૫૩) અને ‘ચોથો પ્રવેશ’ (૧૯૫૭) એ ચાર સંગ્રહોમાં કુલ તેતાલીસ પ્રયોગશીલ એકાંકી નાટકો આપીને એ ક્ષેત્રે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની બૌદ્ધિક સજ્જતાએ અને નાટક સાથેની ઊંડી નિસ્બતે એમના અત્યંત સાહસિક પ્રયોગને પણ એળે જવા દીધો નથી. ‘સોયનું નાકું’, ‘દ્રૌપદીનો સહકાર’, ‘જોઈએ છે, જોઈએ છીએ’ જેવી એકાંકીઓ એમની સમર્થ અને સફળ પ્રયોગશીલતાના નમૂના છે. જીવનનો ઊંડો સંસ્પર્શ પ્રતીત કરાવતું વસ્તુ, કટાક્ષની પ્રતીત કરાવતું વસ્તુ, કટાક્ષની ચમકવાળા અને જીવનરહસ્યને ઉઠાવ આપતા સંવાદો, બોલચાલની છટાઓથી પ્રગટતી માર્મિકતા, ઉક્તિલાઘવ તથા વસ્તુને તખ્તા પર પ્રભાવક રીતે રજૂ કરતી અરૂઢ નિરૂપણરીતિ એમની વિશેષતાઓ છે. અતિસૂક્ષ્મ વળોટવાળી લાઘવયુક્ત શૈલીને લીધે એમના સંવાદો કવચિત્ દુર્બોધ પણ રહ્યા છે. ‘અવતરણ’ (૧૯૪૯) એક વિલક્ષણ પ્રયોગરૂપ વિચારકેન્દ્રી ત્રિ-અંકી નાટક તથા વિવિધ વયજૂથનાં બાળકો-કિશોરો માટે કરેલા ‘રંગતોરણ’ આદિ ચાર સંગ્રહો (૧૯૫૮)માં એમણે બાળનાટકો પણ આપ્યાં છે. ડાહ્યાભાઈ ધોળશાજીના ‘વીણાવેલી’ના એક પાત્રને કેન્દ્રમાં રાખીને એમણે ‘ધમલો માળી’ (૧૯૬૨) નામે રેડિયો

સંકલન કરેલું તથા તેમનાં નાટકોનું સંપાદન-પ્રકાશન (ભા.૧, ૧૯૬૪; ભા.૨, ૧૯૬૬; ભા.૩, ૧૯૬૯) કરેલું.

વાર્તાકાર તરીકે પણ જયંતી દલાલ પ્રયોગનિષ્ઠ અને ઉત્તમ સર્જકશક્તિવાળા લેખક હતા. ૧૯૪૧ થી ૧૯૬૮ સુધી વાર્તાસર્જન કરી ‘ઉત્તરા’ (૧૯૪૪), ‘જૂજવાં’ (૧૯૫૦), ‘કથરોટમાં ગંગા’ (૧૯૫૦), ‘મુકમ્ કરોતિ’ (૧૯૫૩), ‘આ ઘેર, પેલે ઘેર’ (૧૯૫૬), ‘અડખેપડખે’ (૧૯૬૪) અને ‘યુધિષ્ઠિર ?’ (૧૯૬૮) એ સાત સંગ્રહોમાં કુલ ૧૩૫ વાર્તાઓ એમણે આપી છે. ૧૯૬૩ સુધીની વાર્તાઓમાંથી ૨૪ વાર્તાઓ પસંદ કરીને એમણે પોતે ‘ઈષત્’ (૧૯૬૩) નામનો સંગ્રહ સંપાદિત કરેલો.

આરંભમાં ‘નિર્વાસિત’ ઉપનામથી લખેલી વાર્તાઓમાં પણ પ્રયોગશીલતા દાખવનાર આ લેખકે એ પછી કથા-આલેખનના ને રચનારીતિના અનેકવિધ પ્રયોગો કર્યા. બાહ્ય ઘટનાની ચમત્કૃતિ પર મદાર બાંધતી વાર્તારીતિને બદલે મનઃસૃષ્ટિમાં ગુજરાતી ઘટનાને અવલંબતી કથા-નિરૂપણરીતિ, સંવેદનનાં વિવિધ પરિમાણોને ઉપસાવી આપતાં દ્રશ્યકલ્પનોનું આલેખન, બોલચાલની સહજતાવાળી ઉપસાવી પણ અર્થસંતર્પક ને માર્મિક ભાષાનો વિનિયોગ-એમની વાર્તાકલાના વિશેષો છે. વાર્તારચનાની વિવિધ ટેકનિકોની અજમાયશ છતાં એમની વાર્તાઓનું કેન્દ્ર અનુભૂતિની સચ્ચાઈ ને બૌદ્ધિક પ્રતીતિ હોઈને તથા એમની બહુસ્તરીય સમાજને ઓળખવાની ક્ષમતા ને વ્યક્તિના આંતરવિશ્વને પામવાની પટુતાને લીધે એમની સર્જકતાનું ફલક ઘણું વિશાળ હતું.

એમની બે નવલકથાઓ પૈકી પહેલી ‘ધીમુ અને વિભા’ (૧૯૪૩) બુદ્ધિનિષ્ઠ જીવનદ્રષ્ટિવાળા નાયકના દ્વિધાત્મક આંતરસંવેદનને તથા

નાયિકાના પ્રેમસમર્પણને, પ્રથમપુરુષ-કથનની પદ્ધતિએ નિરૂપતી કરુણાન્ત કથા છે. બીજી ‘પાદરનાં તીરથ’ (૧૯૪૬) નિર્દય પોલીસદમનનો ભોગ બનેલા સમુદાયની મુખ્ય ઘટનાની ભીતરમાં માનવીય ને મમતાજન્ય સંવેદનને તથા સૂક્ષ્મ નૈતિક મૂલ્યો વચ્ચેની દ્વિધામાં પ્રગટ થતા સંકુલ જીવનરહસ્યને ઉપસાવી આપતી સુબદ્ધ ને પ્રભાવક કથા છે.

એમણે રૂઢ રંગભૂમિના જીવનની વાસ્તવિકતાને ‘પગદીવાની પછીતેથી’ (૧૯૪૦)માં અને અમદાવાદના મધ્યમવર્ગીય જીવનની વિષમતાને ‘શહેરની શેરી’ (૧૯૪૮)માં વાર્તાત્મક તેમ જ નિબંધાત્મક રેખાચિત્રોથી નિરૂપી આપ્યાં છે, તેનું ગદ્યચિત્રો લેખે તેમ દસ્તાવેજી ઘણું મૂલ્ય છે. ‘બંદા’ ઉપનામથી ‘નવગુજરાત’ માં, એમણે ગુજરાતના રાજ્કીય-સામાજિક જીવનને કેન્દ્રમાં રાખીને કરેલાં ટૂંકા વ્યક્તિચિત્રો ને લઘુલેખોના બે સંગ્રહો ‘મનમાં આવ્યું’ (૧૯૬૧) અને ‘તરણાની ઓથ મને ભારી’ (૧૯૬૩)માં એમની ઉત્તમ કટાક્ષશક્તિનો પરિચય મળે છે.

નાટક અને રંગભૂમિના સ્વરૂપ ને ઇતિહાસને લગતા તથા નાટ્યકારો અને નાટ્યકૃતિઓ વિશે ૧૯૪૦થી લખાતા રહેલા એમના અનુભવમૂલક-અભ્યાસપૂર્ણ વિવેચનલેખો ‘કાયા લાકડાની, માયા લૂગડાની’ (૧૯૬૩) તથા ‘નાટક વિશે’ (સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, રાધેશ્યામ શર્મા, પ્રકાશ શાહ, ૧૯૭૪)માં ગ્રંથસ્થ થયા છે. એમના વાર્તાસંગ્રહોમાં પ્રસ્તાવનારૂપે, વાર્તાવિવેચનના લેખો પણ છે. દલાલનું આ નાટ્ય-વાર્તાવિવેચન એમાંની નિજી દ્રષ્ટિથી ને સર્જકની હેસિયતથી થયેલી વિચારણાથી જુદું તરી આવે છે.

એમની અભ્યાસી અનુવાદક તરીકેની કામગીરી પણ નોંધપાત્ર છે. જયૉર્જ ઓરવેલની ‘ધ એનિમલ ફાર્મ’, ટૉલ્સ્ટોયની ‘વૉર એન્ડ પીસ’, ચાર્લ ડિકન્સની ‘ગ્રેટ ઍક્સપેક્ટેશન્સ’ એ નવલકથાઓના અનુવાદો અનુક્રમે ‘પશુરાજ્ય’ (૧૯૪૭), ‘યુદ્ધ અને શાંતિ’- ભા.૧-૪ (૧૯૫૪-૫૬) અને ‘આશા બહુ લાંબી’ (૧૯૬૪); તેમ જ ગ્રીક નાટ્યકાર એસ્કાઈલસનું નાટક ‘ઍગેમેમ્નોન’ (૧૯૬૩) તથા અન્ય નાટકો અને કેટલાંક જીવનચરિત્રો એમ કુલ બેતાલીસ પુસ્તકોના અનુવાદ આપીને એમણે સાતત્યથી તેમ જ પૂરી ચીવટ અને નિષ્ઠાથી, જગતની ઉત્તમ સર્જનાત્મક કૃતિઓને ગુજરાતીભાષાઓ માટે સુલભ બનાવી છે.

જવનિકા (૧૯૪૧): જયંતિ દલાલના, બાર એકાંકીઓના આ સંગ્રહમાં લેખકનું સૂક્ષ્મ જીવનનિરીક્ષણ માનવ-સંબંધોને સમજવાના એમના પ્રશ્નાકુલ અભિગમમાં વિશિષ્ટ રીતે નિરૂપાયું છે. પ્રથમ છ એકાંકીઓમાં સ્ત્રી-પુરુષ-સંબંધોનું, સ્ત્રીની હૃદયવિદારક મૂક વેદનાનું નિરૂપણ થયું છે. ‘પત્નીવ્રત’ અને ‘કજળેલાં’માં એ વેદના વધુ ધારદાર બની છે. ‘અંધારપટ’ યુદ્ધની પાર્શ્વ ભૂમિકા પર રચાયેલું, તખ્તાને નવું પરિમાણ આપતું પ્રયોગશીલ એકાંકી છે. ‘સરજત’ અને ‘અ-વિરામ’ ની લાંબી એકોક્તિમાં-લાઘવયુક્ત ભાષામાં સફળ પ્રયોગશીલતાનું દર્શન થાય છે.

તંત્રવિધાનની ચુસ્તતા, સંવાદોની સૂક્ષ્મ છટા તથા વેધકતા, માર્મિક લાઘવયુક્ત સચોટ સંવાદો, ભુલાઈ ગયેલી-ભુલાઈ જતી ગુજરાતી બોલચાલની ભાષા, રૂઢિપ્રયોગો તથા કહેતીનો યથોચિત ઉપયોગ, જીવનનું માર્મિક સંવેદન, પાત્રોનું વૈવિધ્ય, વિશેષ કરીને સ્ત્રીપાત્રોની તેજસ્વિતા, સૂક્ષ્મ કાર્યવેગ દ્વારા સર્જકને અપેક્ષિત એવા ‘વર્ટિકલ ડ્રિલિંગ’ દ્વારા સર્જાતી પરાકોટિ અને અંતે ડંખ મૂકી જતી ચોટ એ આ

એકાંકીઓની વિશેષતા છે. સંગ્રહમાં ‘નેપથ્યે’ નામે મૂકેલો એકાંકીના તંત્રવિધાન વિશેનો લેખ અભ્યાસપૂર્ણ છે.

ધીમુ અને વિભા (૧૯૪૩): સત્યાગ્રહની પશ્ચાદભૂ પર લખાયેલી, પણ માનવમનની સંકુલતા પર લક્ષ્ય કેન્દ્રિત કરીને નવી દિશા ચીંધતી જયંતી દલાલની નવલકથા. આર્થિક જવાબદારી ઉઠાવવાની અશક્તિ, કર્તવ્યની લગની અને સમયના અભાવને કારણે સત્યાગ્રહી ધીમુ પરણવા ઈચ્છતો નથી, પરંતુ એની સભાઓમાં અચૂક હાજરી આપતી અને એના પ્રત્યે આકર્ષણ અનુભવતી વિભા એને પ્રેમાકુલ કરતી રહે છે. ધીમુ જેલમાં જતા વિભાને જીવન ખોઈ બેઠા જેવું લાગે છે, તો બીજી બાજુ તે છટકી જતા જીવનને પકડી રાખવા ફાંફાં મારે છે; અને છતાં ધીમુના લગ્નનો પ્રસ્તાવ તે સ્વીકારતી નથી, કેમ કે એને એવા સાહસ પાછળ સ્નેહ અને શ્રદ્ધાના બળની અપેક્ષા છે. ધીમુના સાંનિધ્યમાં તે મૃત્યુનો સ્વીકાર કરે છે. ધીમુની મનોદશાઓની જુદી જુદી ભૂમિકાઓ અહીં રચાયેલી છે, તો વિભાની વ્યક્તિતા આકાર લે છે એનાં વાણી, વર્તન અને દેખાવમાં. મનોવૈજ્ઞાનિક અભિગમને લઈને બંને પાત્રો સંકુલ બન્યાં છે. કથા સ્મૃતિધારારૂપે વહી આવી હોય અને ધીમુએ ડાયરીમાં એને શબ્દસ્થ કરી હોય એ રીતની ટેક્નિક સૂઝપૂર્વક યોજાયેલી છે. બૌદ્ધિકતા, સંવેદનપટુતા, યુગચેતનાની સમજ, માનવમનની જાણકારી, વસ્તુના અંશોની ઉચિત પસંદગી, શબ્દવિવેક, નિરૂપણરીતિ અંગેની સૂઝ- એમ, સારી નવલકથાના સર્જન માટે કેટકેટલી સજ્જતાની જરૂર પડે છે તેનો ખ્યાલ આ કૃતિ આપે છે.

પાદરનાં તીરથ (૧૯૪૬): ૧૯૪૨ના રાષ્ટ્રીય આંદોલનના પરિવેશમાં કલ્પેલી એક ઘટનાને વર્ણવતી જયંતી દલાલની નવલકથા, જે વિશિષ્ટ

પરિસ્થિતિમાં વ્યક્ત થતી માનવમનની વિલક્ષણતાને ઉપસાવે છે. અંગ્રેજ સરકાર સામે ચાલતા આંદોલન દરમિયાન એક ગામનો માનવસમુદાય ઉત્તેજનાની પળોમાં, પાસેના નાનકડા રેલવેસ્ટેશનને સળગાવી મૂકે છે. એ પછી તપાસ માટે આવેલી પોલીસના એ ગામલોકો પર એકાએક થતા અત્યાચારોમાં પ્રગટતી હિંસા અને વાસનાની પાશવી વૃત્તિ મોટા આતંક ફેલાવે છે. ફોજદારે મનસ્વી રીતે પકડેલા કેદીઓ માટે ભોજનાદિની વ્યવસ્થા કરતા અનુકંપાશીલ ને ઊંડી સમજ ધરાવતા ડૉક્ટર નગીનદાસ સમક્ષ ફોજદાર આ ત્રસ્ત કેદીઓને મોટી રકમની લાંચના બદલામાં છોડવાનો પ્રસ્તાવ મૂકે છે. એક તરફ દેશનિષ્ઠા ને સદ્-નિષ્ઠા તથા બીજી તરફ દમિત માનવો પ્રત્યેની કરુણા ડૉક્ટરના મનમાં દ્વિધા જગવે છે ને ભલાઈના તંતુને વળગી રહી એ આંતર-બાહ્ય અનેક વિપત્તિઓને વેઠતા રહે છે. લગભગ પ્રત્યેક કેદી ને એનાં ગરીબ સ્વજનો, સ્વરાજભાવનાનેય ભૂલી જઈ આ ભયાનક વેદનાની ભીંસમાંથી છૂટવા માટેના પૈસા ભેગા કરવા વલખાં મારે છે ત્યારે એક ક્રાંતિવાદી યુવક કેદી જગુ સ્વમાનભેર જેલ વેઠવાનું પસંદ કરે છે. એની એવી જ અડગ ને ગૌરવવંત માતા પશી ડોશી પણ પુત્રવત્સલતાથી સહેજ દ્વિધામાં જરૂર મુકાય છે પણ વિચલિત થતાં નથી. એક સ્વાર્થી વકીલ ને લોભી વેપારી આ પરિસ્થિતિનો, વચલા માણસો તરીકે ગેરલાભ લે છે. ન છૂટતા કેડીઓને સાથે લઈ જતા ગણતરીબાજ ફોજદાર છેલ્લી ઘડીએ સ્વેચ્છાએ કોઈ સમજદારીથી પ્રેરાઈ જગુને છોડી દે છે એવા લાક્ષણિક અંત સાથે નવલકથા પૂરી થાય છે.

એક જ ભાવપરિસ્થિતિને આલેખતી હોવાથી સુબદ્ધ બનેલી આ લઘુનવલમાં ભાવનાને વિડંબિત કરી મૂકતા સ્વાર્થના મૂળમાં પડેલી એક અવશતાની કરુણતાનું તેમ જ વિભિન્ન મનોદશા પ્રગટાવતાં પાત્રોનું જે આલેખન થયું છે તે જીવનની ઊંડી સૂઝ ધરાવતા લેખકના કૌશલનો પરિચય આપે છે. રંગદર્શી ન બનતાં સ્વસ્થ ને વાસ્તવનિષ્ઠ રહેતી છતાં ઉત્તેજિત કરી શકતી સર્જકની પ્રભાવક ગદ્યશૈલીથી તેમ જ માનવમનની અનેકસ્તરીય ગતિવિધિનો આલેખ ઉપસાવી આપતી એમની વિશિષ્ટ કથનરીતિથી આ નવલકથા એક નોંધપાત્ર સાહિત્યકૃતિ બની છે.

શહેરની શેરી (૧૯૪૮): જયંતી દલાલનો નગરજીવન પરત્વેનાં નિરીક્ષણોનાં ગદ્યચિત્રોનો સંગ્રહ. દોરીબાંધી માનવતાનું સાદ્યંત, નખશિખ, સંપૂર્ણ દર્શન જયાં થાય છે તે શેરીના ઉદભવ ઇતિહાસનું, બહિરંગનું, તેમાં વસતા માનવીનાં માનવતા, લાચારી, કારુણ્ય, સંઘર્ષ આદિનું માનવીય, માનસશાસ્ત્રીય, વીગતભર્યું નિરૂપણ ઘરાળુ ભાષામાં નિબંધ, લેખ અને વાર્તાસ્વરૂપે થયું છે. શેરીનો પીપળો, શેરીના નળ, ઉમરા-ઓટલા, ચાર-ચોકડી, પ્રાણીઓ-જંતુઓ, ફેરિયા, ઉત્સવો-શોક, શ્રદ્ધા-અશ્રદ્ધા તેમ જ શેરીનું લોકશાસન વગેરેનું નિજી ચિત્રાત્મક શૈલીમાં આલેખન છે. લેખકનાં શબ્દભંડોળ, ભાષાસામર્થ્ય, સચ્ચાઈ, હમદિલીની પ્રતીતિ કરાવતી આ કૃતિ અણદાવાદ શહેરની ગઈકાલ અને આજનો અચ્છો સામાજિક દસ્તાવેજ છે.

કાયા લાકડાની, માયા લુગડાની (૧૯૬૩): જયન્તિ દલાલના નાટ્યવિષયક ચૌદ વિવેચનલેખોનો સંગ્રહ. ‘પડદો ઊપડે છે ત્યારે’ એ લેખ જૂની રંગભૂમિની ભીતરી દુનિયાનો સ્વાનુભવસભર, અરૂઢ, ચિત્રાત્મક

શૈલીમાં ચિતાર આપે છે. ત્યાર પછીના લેખોમાં નાટકનો હેતુ, નાટકની વ્યાખ્યા, નાટ્યાત્મક અનુભૂતિ, વ્યવસાયી રંગભૂમિનો ઇતિહાસ, બંધાયેલાં નાટ્યગૃહોનો ઇતાહસ અને તે પૂર્વેની પરિસ્થિતિ, રમણલાલ દેસાઈ, ડાહ્યાભાઈ ધોળશાજી આદિના નાટ્યલેખનની તટસ્થ આલોચનાઓ, એકાંકીનું તંત્રવિધાન, એમાં પ્રવેશયોજનાનું પ્રયોજન અને તેનાં ભયસ્થાનો, એકાંકીમાં પ્રયોગશીલતા આદિની સૈદ્ધાંતિક-તાત્વિક વિચારણા છે. ‘સ્વાધ્યાય’ આ સંગ્રહનો ઉલ્લેખનીય લેખ છે, જેમાં સ્વગત, અતિરંજન, નાટકમાં કલ્પનાનું સ્થાન, વાકછટા અને સંવાદ, સંઘર્ષ અને કાર્ય તથા રંગસૂચનનું તાત્વિક સ્વાનુભવી મૂલ્યાંકન છે. દલાલની અરૂઢ, માર્મિક, કટાક્ષયુક્ત, તાર્કિક ગદ્યલઢણનાં દર્શન પણ અહીં થાય છે.

# જયંત ખત્રી

| જયંત ખત્રી | |
|---|---|
| જન્મ | જયંત હીરજી ખત્રી<br>૨૪ સપ્ટેમ્બર, ૧૯૦૯<br>મુન્દ્રા, ગુજરાત |

| | |
|---|---|
| **મૃત્યુ** | ૬ જૂન, ૧૯૬૮<br>માંડવી, ગુજરાત |
| **વ્યવસાય** | ડોક્ટર |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **નોંધપાત્ર પુરસ્કારો** | ઉમાસ્નેહરશ્મિ પુરસ્કાર<br>? |

**જયંત ખત્રી** (૨૪ સપ્ટેમ્બર, ૧૯૦૯ - ૬ જૂન, ૧૯૬૮) ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકાર હતાં.

## જીવન

જયંત ખત્રીનો જન્મ ગુજરાતના કચ્છ જિલ્લાનાં મુન્દ્રા ખાતે ૨૪ સપ્ટેમ્બર, ૧૯૦૯ના રોજ થયો હતો. ભૂજમાં તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું અને માધ્યમિક શિક્ષણ તેઓએ મુંબઇની ન્યૂ ભરડા હાઈસ્કૂલમાંથી કર્યું. ૧૯૩૫માં મુંબઈ નેશનલ મેડિકલ કોલેજમાંથી એલ.સી.પી.એસ.ની ડિગ્રી મેળવી શરૂઆતનાં વર્ષોમાં ત્યાં જ અને પછી માંડવી (કચ્છ)માં દાકતરી વ્યવસાય

કર્યો. ભૂજ અને મુંબઇમાં શ્રમજીવીઓની વચ્ચેના વસવાટને કારણે તે વર્ગના જીવનની વિષમતાઓનો પ્રત્યક્ષ અનુભવ તેમને થયો હતો. તેઓ નાવિક મંડળ, કચ્છ-માંડવી તથા માંડવી નગરપાલિકાના પ્રમુખ પણ રહી ચુક્યા હતા.

૬ જૂન, ૧૯૬૮ને દિવસે કેન્સરથી તેમનું માંડવીમાં અવસાન થયું હતું.

## સર્જન

### વાર્તાસંગ્રહ

- *ફોરાં* (૧૯૪૪)
- *વહેતાં ઝરણાં* (૧૯૫૨)
- *ખરા બપોર* (મરણોત્તર, ૧૯૬૮)

પારિતોષિક

તેમણે સાહિત્ય ક્ષેત્રમાં કરેલા પ્રદાન બદલ તેમનું *ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક*થી સન્માન કરવામાં આવ્યું હતું.

# બકુલેશ

**બકુલેશ (જ. 11 ઑગસ્ટ 1910, કોઠારા, તા. અબડાસા, કચ્છ; અ. 5 નવેમ્બર 1957, મુંબઈ)** : ગુજરાતી વાર્તાકાર અને પત્રકાર. મૂળ નામ ગજકંદ રામજી અર્જુન. શાળા સુધીનો અભ્યાસ. બાળપણથી ચિત્રકળામાં રસ. અભ્યાસકાળ દરમિયાન સાપ્તાહિક પત્રોમાં નોકરી તથા ફિલ્મી જાહેરાતનાં સુશોભનો કરી તેઓ પોતાનો નિર્વાહ કરતા. પત્રકારત્વથી દૂર રહેવાની પિતાની સલાહ અવગણીને તે જ વ્યવસાય સ્વીકારેલો. 'વીસમી સદી'ના સહતંત્રી તરીકે કારકિર્દીની શરૂઆત. આ સમય દરમિયાન એમણે

'નવચેતન'માં વાર્તાઓ લખવા માંડી. 'પ્રજામિત્ર કેસરી'ના તંત્રીમંડળમાં જોડાયા અને ત્યાં 'હિંદુસ્તાન પ્રજામિત્ર'ના દીપોત્સવી અંકોનું સંપાદન કર્યું.

પ્રગતિશીલ લેખક તરીકે જાણીતા. વાર્તાકળા પ્રત્યે સભાન. 1952માં એમણે સરરિયાલિઝમની ચર્ચા કરેલી. ચિત્રમય, કાવ્યમય ગદ્યના કસબી. એમની વાર્તાઓમાં સિનેમેટોગ્રાફીની તકનીક દ્વારા થતાં ચિત્રાંકનો ધ્યાનપાત્ર છે. કથાવસ્તુ, સંવેદન તથા પાત્રસૃષ્ટિના વૈવિધ્ય પર તેઓ ભાર મૂકતા. નિમ્નવર્ગીય સમાજને આલેખતી સામ્યવાદી વલણની વાર્તાસૃષ્ટિ. ફૂટપાથ, ગલીઓ, પીઠાં અને અંધારામાં ફરતાં પાત્રો તથા તેમના પરિવેશવાળી, સમાજના વિશાળ પટને આવરી લેતી વાર્તાસૃષ્ટિ. બિનજરૂરી પ્રસ્તાર એ એમની મર્યાદા. એમનાં મહત્વનાં પુસ્તકો – 'સુવર્ણના નિ:શ્વાસ' (1936), 'ઇશ્કની ખુશ્બૂ' (1942), 'કાદવનાં કંકુ' (1944), 'અગનફૂલ', 'ખારાં પાણી', 'કંકુડી' (1953) વગેરે. મહેશ દવે દ્વારા એમની વાર્તાઓનું 'બકુલેશની વાર્તાઓ' (1977) એ નામે સંપાદન થયું છે. 'નિશિગંધા', 'ગોપીનું ઘર', 'કિમી-ચાન' અને 'ખંડેયિર' એમની યશસ્વી વાર્તાઓ છે. ગ્રંથસ્થ ન થઈ હોય એવીયે કેટલીક વાર્તાઓ છે.

# પન્નાલાલ પટેલ

| પન્નાલાલ નાનાલાલ પટેલ | |
|---|---|
| જન્મ | ૭ મે ૧૯૧૨<br>માંડલી, ડુંગરપુર જિલ્લો, રાજસ્થાન |
| મૃત્યુ | ૬ એપ્રિલ ૧૯૮૯<br>અમદાવાદ, ગુજરાત |
| વ્યવસાય | નવલકથાકાર, ટૂંકી વાર્તા લેખક |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| નોંધપાત્ર સર્જનો | *મળેલા જીવ* (૧૯૪૧)<br>*માનવીની ભવાઇ* (૧૯૪૭) |
| જીવનસાથી | વાલીબેન |

**પન્નાલાલ નાનાલાલ પટેલ** (૭ મે ૧૯૧૨ – ૬ એપ્રિલ ૧૯૮૯) ગુજરાતી સાહિત્યકાર હતા. તેમણે ૨૦થી વધુ ટૂંકી વાર્તા સંગ્રહો, જેવા કે *સુખના સાથી* (૧૯૪૦) અને *વાત્રકને કાંઠે* (૧૯૫૨), અને

૨૦ કરતાં વધુ સામાજીક નવલકથાઓ, જેવી કે *મળેલા જીવ* (૧૯૪૧), *માનવીની ભવાઇ* (૧૯૪૭) અને *ભાંગ્યાના ભેરુ* (૧૯૫૭), અને અનેક ધાર્મિક નવલકથાઓ લખી છે. તેમને ૧૯૮૫માં *માનવીની ભવાઇ* માટે જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો. તેમના સર્જનનું નાટકો અને ચલચિત્રોમાં પણ રુપાંતર થયું છે.

## જીવન

તેમનો જન્મ ૭ મે ૧૯૧૨ના રોજ હવે રાજસ્થાન રાજ્યમાં આવેલા ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં નાનાશા અથવા નાનાલાલ અને હીરાબાને ત્યાં આંજણા ચૌધરી કુટુંબમાં થયો હતો. તેઓ તેમના ચાર ભાઇ-બહેનોમાં સૌથી યુવાન હતા. તેમના પિતા ખેડૂત હતા અને *રામાયણ*, *ઓખાહરણ* અને અન્ય ધાર્મિક વાર્તાઓનું તેમના ગામમાં પઠન કરતા હતા. આને

કારણે તેમના ઘરની નામના થઇ હતી. તેમના પિતા પન્નાલાલના નાનપણમાં જ મૃત્યુ પામ્યા અને તેમની માતા હીરાબાએ સંતાનોનો ઉછેર કર્યો હતો. તેમના શિક્ષણ દરમિયાન તેમની ગરીબીના કારણે અનેક અડચણો આવી હતી.



ઈડરની સર પ્રતાપ હાઇ સ્કૂલ જ્યાં પન્નાલાલે અભ્યાસ કર્યો હતો

તેઓ ઇડરની સર પ્રતાપ હાઇ સ્કૂલમાં માત્ર ચોથા ધોરણ સુધી જ અભ્યાસ કરી શક્યા. શાળાજીવન દરમિયાન તેઓ ઉમાશંકર જોષીના મિત્ર બન્યા હતા. થોડો સમય માટે તેમણે ડુંગરપુરમાં દારુના ભઠ્ઠા પર મેનેજર તરીકે નોકરી કરી હતી. તેમણે તેમની

પ્રથમ નવલકથા અમદાવાદમાં એક સદગૃહસ્થના ઘરે નોકરી કરતા લખી હતી.

૧૯૩૬માં અમદાવાદમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ઈડર શાળાના સહાધ્યાયી ઉમાશંકર જોષી સાથે તેમનો અચાનક સંપર્ક થયો અને તેમના પ્રોત્સાહનથી તેમણે સાહિત્યસર્જનનો પ્રારંભ કર્યો. તેમણે તેમની પ્રથમ ટૂંકી વાર્તા *શેઠની શ્રદ્ધા* (૧૯૩૬) લખી. પછીથી, તેમની વાર્તાઓ ઘણાં ગુજરાતી સામયિકોમાં પ્રગટ થઇ. ૧૯૪૦માં, તેમની પ્રથમ નવલકથા *વળામણાં* અને *મળેલા જીવ* (૧૯૪૧), *માનવીની ભવાઇ* (૧૯૪૭) અને અન્ય નવલકથાઓ પ્રગટ થઇ. એક સદગૃહસ્થની મદદથી અમદાવાદ ઈલેકટ્રિક કંપનીમાં નોકરી મેળવી પહેલા ઑઈલમેન અને પછી મીટર-રીડીંગ કરનાર તરીકે તેમણે કાર્ય કર્યું. ચાર-પાંચ વર્ષ મુંબઈની એન.આર.આચાર્યની ફિલ્મ કંપનીમાં

પટકથા લેખક તરીકે કાર્ય કર્યું. ત્યાર બાદ વતન માંડલીમાં જઈ ખેતીનો વ્યવસાય અને સાથે-સાથે લેખનપ્રવૃત્તિ કરી. ૧૯૪૭માં ક્ષયની બીમારી અને પછી અરવિંદના યોગમાર્ગ પ્રત્યે તેઓ આકર્ષિત થયા. ૧૯૫૮ થી તેમણે અમદાવાદમાં સ્થાયી વસવાટ કર્યો અને લેખનનો મુખ્ય વ્યવસાય અપનાવ્યો. ૧૯૭૧માં તેમણે અમદાવાદમાં તેમના બે પુત્રોની સાથે *સાધના પ્રકાશન* કંપનીની શરુઆત કરી. પાછલા વર્ષોમાં તેમણે મુખ્યત્વે હિંદુ ધાર્મિક વાર્તાઓ અને મહાકાવ્યો પર આધારિત નવલકથાઓ

લખી. ૧૯૭૯માં વડોદરામાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના સર્જન વિભાગના તેઓ પ્રમુખ હતા.

તેમણે પોતાના સંઘર્ષના દિવસોને 'વાસંતી દિવસો' ગણાવ્યા હતા. તેમની કૃતિ 'કંકુ' પરથી ગુજરાતી ફિલ્મ બની હતી. ૬ એપ્રિલ ૧૯૮૯ના રોજ

અમદાવાદમાં બ્રેઈન હેમરેજથી તેમનું અવસાન થયું હતું.

## સર્જન

તેમણે ૬૧ નવલકથાઓ, ૨૬ ટૂંકી વાર્તાના સંગ્રહો અને અન્ય ઘણું સર્જન કર્યું હતું. તેમનું મોટાભાગનું લખાણ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક બોલીમાં લખાયેલું છે.

- નવલકથા - માનવીની ભવાઈ, વળામણાં, સુરભિ, મીણ માટીના માનવી, નગદ નારાયણ, અજવાળી રાત અમાસની, એક અનોખી પ્રીત, પાર્થને કહો ચડાવે બાણ, રામે સિતાને માર્યા જો!, શિવપાર્વતી, ભીષ્મની બાણશય્યા, કુબ્જા અને શ્રીકૃષ્ણ, કચ-દેવયાનિ, મળેલા જીવ, આંધી અષાઢની, જાનપદી, ભાંગ્યા ના ભેરૂ ,ઘમ્મર વલોણું, પાછલા બારણે, નવું લોહી, પડઘા અને પડછાયા, નથી પરણ્યા નથી કુંવારા,મનખાવતાર, નાછૂટકે.

- નવલિકા - સુખદુ:ખના સાથી, ધરતી આભનાં છેટા, રંગમિનારા, બિન્ની, પન્નાલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ, વીણેલી નવલિકાઓ,પાનેતરમાં રંગ,વટ નો કટકો, મનનાં મોરલાં, વાત્રક ને કાંઠે, ચીતરેલી દીવાલો,પીઠીનું પડીકું, જીંદગી ના ખેલ.
- નાટક - જમાઇરાજ, ચાંદો શેં શામળો, સપનાનાં સાથી, અલ્લડ છોકરી, સ્વપ્ન, વૈંતરણી ના કાંઠે,ઢોલીયા સાગ સીસમના.
- ચિંતન - પૂર્ણયોગનું આચમન
- આત્મકથા - અલપઝલપ
- બાળ સાહિત્ય - દેવનાં દીધેલ, વાર્તાકલ્લોલ ગુચ્છ, લોકમિનારા, બાળકિલ્લોલપ્રકીર્ણ, કાશીમાની કૂતરી
- પ્રકીર્ણ - અલકમલક, સર્જનની સુવર્ણ સ્મરણિકા, લોકગુંજન

## સન્માન

૧૯૫૦માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. ૧૯૮૫માં તેમની રચના *માનવીની ભવાઈ* માટે સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર જ્ઞાનપીઠ પુરસ્કાર તેમને મળ્યો હતો. ઉમાશંકર જોષી પછી જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર તેઓ બીજા ગુજરાતી ભાષાના લેખક હતા.

પન્નાલાલ પટેલને 'સાહિત્ય જગતનો ચમત્કાર' અને 'ગુજરાતી સાહિત્યનું પરમ વિસ્મય' જેવા બિરુદોથી નવાજવામાં આવ્યા છે.

# સ્નેહરશ્મિ

| ઝીણાભાઈ રતનજી દેસાઈ | |
|---|---|
| જન્મ | 16 April 1903<br>ચિખલી, ગુજરાત |
| મૃત્યુ | 6 January 1991 (ઉંમર 87) |
| ઉપનામ | સ્નેહરશ્મિ |
| વ્યવસાય | લેખક, અધ્યાપક |
| શિક્ષણ | સ્નાતક |
| માતૃ શિક્ષણ સંસ્થા | ગૂજરાત વિદ્યાપીઠ |

ઝીણાભાઈ રતનજી દેસાઈ, *સ્નેહરશ્મિ* (૧૬ એપ્રિલ ૧૯૦૩ - ૬ જાન્યુઆરી ૧૯૯૧) ગુજરાતી કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટકકાર, ચરિત્રકાર, આત્મકથાકાર અને સંપાદક હતા.

## જીવન

તેમનો જન્મ ગુજરાતના ચિખલીમાં થયો હતો. તેઓ ૧૯૨૦માં મૅટ્રિકનો અભ્યાસ અધૂરો છોડી અસહકારની લડતમાં સામેલ થયા હતા. ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિનીત. ૧૯૨૬માં ત્યાંથી રાજ્યશાસ્ત્ર વિષય સાથે સ્નાતક. ૧૯૨૬-૨૮ દરમિયાન ત્યાં જ ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના અધ્યાપક. ૧૯૩૨-૩૩ માં

બે-એક વર્ષ જેલવાસ. ૧૯૩૪માં મુંબઈમાં વિલેપાર્લેની રાષ્ટ્રીય શાળામાં આચાર્ય. ૧૯૩૮માં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદમાં આચાર્ય અને નિયામક. ત્રણેકવાર ગુજરાતી યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ. ૧૯૭૨માં મદ્રાસમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ.

તેઓ સુરત શહેર કોંગ્રેસના પ્રમુખ રહ્યા હતા. ૬ જાન્યુઆરી ૧૯૯૧ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સર્જન

ગાંધીયુગના આદર્શોનું મૂલ્ય અને તત્કાલીન કપરી વાસ્તવિકતા પરત્વેની પ્રતિક્રિયામાં એમના સર્જનનાં મૂળ પડેલાં છે. ઊર્મિશીલતા, રંગદર્શિતા, રહસ્યમયતા અને લયમધુરતાની સામગ્રી એમના કાવ્યજગતને પોતીકી વિશિષ્ટતા અર્પે છે. અલબત્ત, સ્વાધીનતા અને દેશભક્તિનો સૂર એમના પ્રારંભના સંગ્રહોમાં પ્રમુખ છે, પણ પછી કવિસહજ સૌન્દર્યાભિમુખ વલણ સ્પષ્ટ થતું આવે છે. 'અર્ધ્ય' (૧૯૩૫), 'પનઘટ' (૧૯૪૮), 'અતીતની પાંખમાંથી' (૧૯૭૪), 'ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ' (૧૯૮૪), 'નિજલીલા' (૧૯૮૪) વગેરે એમના કાવ્યસંગ્રહો આ વાતની પ્રતીતિ કરાવે છે. જાપાની કાવ્યપ્રકાર હાઈકુ પ્રત્યેના પક્ષપાતે એમને હાઈકુઓના વિપુલ સર્જન તરફ પ્રેર્યા અને એથી એમના હાથે ગુજરાતી કાવ્યજગતમાં હાઈકુ સુપ્રતિષ્ઠ થયું છે. આ

સંદર્ભમાં ‘સોનેરી ચાંદ રૂપેરી સૂરજ’ (૧૯૬૭), ‘કેવળવીજ’ (૧૯૮૪) અને ‘સનરાઈઝ ઑન સ્નોપીક્સ’ (૧૯૮૬) જેવા હાઈકુસંગ્રહો રસપ્રદ છે.

‘તરાપો’ (૧૯૮૦) અને ‘ઉજાણી’ (૧૯૮૦) એમના બાળકાવ્યોના સંગ્રહો છે. ‘સકલ કવિતા’ (૧૯૮૪) એમની ૧૯૨૧ થી ૧૯૮૪ સુધીની તમામ કાવ્યરચનાઓનો સમસ્તગ્રંથ છે.

એમણે ધૂમકેતુનું અનુસંધાન જાળવી ઊર્મિપ્રધાન ટૂંકીવાર્તાઓ આપી છે; જેમાં જીવનમૂલ્યોનું જત વિશેષ રીતે ઊપસી આવતું જોઈ શકાય છે. ‘ગાતા આસોપાલવ’ (૧૯૩૪), ‘તૂટેલા તાર’ (૧૯૩૪), ‘સ્વર્ગ અને પૃથ્વી’ (૧૯૩૫), ‘મોટી બહેન’ (૧૯૫૫), ‘હીરાનાં લટકણિયાં’ (૧૯૬૨), ‘શ્રીફળ’ (૧૯૬૯), ‘કાલાટોપી’ (૧૯૬૨), ‘સ્નેહરશ્મિની શ્રેષ્ઠ વાર્તાઓ’ (૧૯૮૩) વગેરે એમના વાર્તાસંગ્રહો છે. એમની ‘અંતરપટ’ (૧૯૬૧) નવલકથામાં વિવિધ પાત્રોને મુખે આપવીતી મૂકી કરેલું વિશિષ્ટ રચનાવિધાન સામાજિક અને સાંસ્કૃતિક પરિમાણોમાં વિચારપ્રેરક રીતે વિસ્તર્યું છે. ‘મટોડુ ને તુલસી’ (૧૯૮૩) એમનો નાટકસંગ્રહ છે. ‘ભારતના ઘડવૈયા’ (અન્ય સાથે, ૧૯૫૭) એમનો ચરિત્રલેખસંગ્રહ છે. અભ્યાસી અને સહૃદય ભાવકની સંવેદનશીલતાનો પરિચય આપતો ‘પ્રતિસાદ’ (૧૯૮૪) એમનો વિવેચનસંગ્રહ છે.

'મારી દુનિયા' (૧૯૭૦), 'સાફલ્ય ટાણું' (૧૯૮૩) અને 'ઊઘડે નવી ક્ષિતિજો' (૧૯૮૭)માં વિસ્તરેલી એમની આત્મકથા કવિશિક્ષકની આંતરકથા તો છે જ, પણ સાથે સાથે તત્કાલીન રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓના નિષ્કર્ષની અને મૂલ્યાંકનની કથા પણ છે. વ્યક્તિનિમિત્તે રચાયેલી આ યુગકથાનું સાંસ્કૃતિક મૂલ્ય ઊંચું છે.

'ગાંધી કાવ્ય સંગ્રહ' (ઉમાશંકર જોશી સાથે, ૧૯૩૭), 'સાહિત્યપલ્લવ' (અન્ય સાથે, ૧૯૪૧) અને 'સાહિત્ય પાઠાવલિ' (અન્ય સાથે, ૧૯૬૬) એમનાં સંપાદનો છે.

'પનઘટ (૧૯૪૮)': 'સ્નેહરશ્મિ' નો, એમના 'અર્ધ્ય'નો અનુગામી કાવ્યસંગ્રહ. 'સૂરજ આવોને!', 'હરિ આવોને!', 'કોણ ફરી બોલાવે?', 'કોણ રોકે?' જેવાં મધુર ને અર્થવાહક ઊર્મિગીતો, 'અગ્નિસ્નાન' અને 'ઘડાતા ઇતિહાસનું એક પાનું' જેવાં દીર્ઘકાવ્યો તેમ જ થોડાંક રોચક સૉનેટો આ સંગ્રહનું આકર્ષણ છે. ઉપરાંત, તત્કાલીન સામાજિક સંપ્રજ્ઞતા અને સ્વાધીનતાપરક સંવેદનો દર્શાવતી રચનાઓ પણ અહીં છે. અહીં પ્રણય, સૌન્દર્ય અને સંસ્કારિતાનાં મૂલ્યોનું પ્રાધાન્ય છે અને એમાં ચિંતન કરતાં ઊર્મિનું નિરૂપણ વધુ સુભગ છે.

'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ (૧૯૬૭)': ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહરશ્મિ'નો ૩૫૯ હાઈકુ અને ૬ તાનકા કાવ્યો સમાવતો

હાઈકુસંગ્રહ. હાઈકુના સ્વરૂપની એમાં પ્રતિષ્ઠા છે. મૂળ તાનકામાંથી ઊતરી આવેલો જાપાની કાવ્યપ્રકાર હાઈકુ સત્તર શ્રુતિની લાઘવયુક્ત રચના છે. ક્ષણનો સૌંદર્યાનુભવ એમાં કલ્પનરૂપે અભિવ્યક્તિ પામ્યો હોય છે. ઘટકતત્વોની સ્પર્શક્ષમતા વસ્તુલક્ષિતા, સ્ફોટકતા ને તાજગી એની લાક્ષણિકતા છે. આ સંગ્રહમાં ઉક્ત લક્ષણો સાથે કવિકલ્પના અને કવિત્વશક્તિનો સુપેરે પરિચય થાય છે. અનેક રચનાઓ એનાં લાઘવ, સફાઈ, લયની પરખ અને હાઈકુના સ્વરૂપ પરની કવિની હથોટીની પ્રતીતિ કરાવે છે. અનેક કૃતિઓમાં કલ્પનાના પ્રાબલ્ય સાથે વ્યંજકતા પ્રગટે છે. અન્યોક્તિની ક્ષમતા પણ ઠેરઠેર વરતાય છે.

‘ગાતા આસોપાલવ (૧૯૩૪)’: સ્નેહરશ્મિનો વાર્તાસંગ્રહ. આ વાર્તાઓ છે એથી વધુ વાતો છે. અહીં કુલ સત્તર વાતો મૂકી છે. લેખકે જેલના એકાન્તવાસ દરમિયાન જે જોયું, અનુભવ્યું, સાંભળ્યું ને વાંચ્યું તેમાંથી નીપજેલા અનેક પ્રશ્નો અને પ્રસંગોને આ ટૂંકી વાર્તામાં વણ્યા છે. આ બધામાં, ‘હસનની ઈજાર’ રશિયનમાંથી કરેલો ગુજરાતી અનુવાદ છે અને ‘કવિ’ આ જ વાર્તા પરથી સૂચિત રીતે કહેવાયેલી વાત છે. ‘ગરીબનો દીકરો’ એક સાચી બનેલી ઘટના છે. ઊર્મિલ રજૂઆત, વાયવી સૃષ્ટિ,

ભાવુક પાત્રો, કાવ્યાભાસી ગદ્ય અને જીવનમૂલ્યોની મુખરતા એ આ વાતોનાં મુખ્ય લક્ષણો છે.

'મારી દુનિયા (૧૯૭૭)/ સાફલ્યટાણું (૧૯૮૩)': ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહરશ્મિ' ની આત્મકથા. વતન ચીખલીથી આરંભાતી આ કથાનો પ્રથમ ખંડ માતા, પિતા, મામા, ગામ ને નદીનો પરિવેશ, શાળાઓ શિક્ષકોના અનુભવોની દુનિયાનું આલેખન કરે છે. એમાં નિખાલસ કબૂલાત કરતા સંવેદનશીલ રીતે જીવતા કિશોરનું વ્યક્તિત્વ તો ઊપસે જ છે, સાથે સાથે તત્કાલીન રાજકીય, સામાજિક અને શૈક્ષણિક વ્યવસ્થાનો અણસાર પણ સાંપડે છે; તેમ જ એમની કેટલીક કૃતિઓના જીવનસંદર્ભોની સામગ્રીનો પરિચય થાય છે. 'મારી દુનિયા' ૧૯૨૦ ની આસપાસ અસહકારની લડત આગળ શાળાજીવનની વિદાય સાથે પૂરી થાય છે; તો 'સાફલ્યટાણું' અસહકારના આહવાનથી શરૂ થઈ ૧૯૩૩ ની આસપાસ સમાપ્ત થાય છે. તેર વર્ષની આ કથામાં ગાંધીજીનો, ગાંધીજીપ્રેર્યા વાતાવરણનો, ગાંધીજીની આસપાસની વ્યક્તિઓનો અને આઝાદીની લડતનો દસ્તાવેજી પ્રત્યક્ષ ચિતાર છે. સ્નેહરશ્મિના ઘડતરનાં આ વર્ષોમાં ગૂજરાત વિદ્યાપીઠનો જીવંત ઇતિહાસ ધબકે છે. લેખકની તકેદારી અને સમજદારીને સતત વ્યક્ત કરતી પ્રવાહી ગદ્યશૈલી આસ્વાદ્ય છે.

એમની આત્મકથા આ પછી 'ઊઘડે નવી ક્ષિતિજ' અને 'દિવસ ઊગ્યો અને' ના વધુ ભાગોમાં આગળ ચાલે છે.

કાવ્યગ્રંથો: અર્ધ્ય, પનઘટ, અતીતની પાંખમાં, ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ, નિજલીલા તરાપો, ઉજણી વગેરે.

તેમણે જાપાનીઝ સાહિત્યના હાઇકુ પ્રકારના કાવ્યોને ગુજરાતી ભાષામાં રચના કરી જાણીતું કર્યું.

## પુરસ્કાર


૧૯૬૧માં તેમને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિ પુરસ્કાર મળ્યો હતો. ૧૯૬૭માં તેમનો રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૮૫માં નર્મદ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયો હતો.

# ઈશ્વર પેટલીકર

| ઇશ્વર પેટલીકર | |
|---|---|
| જન્મની વિગત | ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ<br><br>9 May 1916<br>પેટલી, ગુજરાત |

| | |
|---|---|
| મૃત્યુ | 22 November 1983 (ઉંમર 67) |
| માતા-પિતા | મોતીભાઇ (પિતા)<br>જીવીબા (માતા) |

હસ્તાક્ષર



**ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ**, (૯ મે ૧૯૧૬ – ૨૨ નવેમ્બર ૧૯૮૩) એ **ઇશ્વર પેટલીકર** ઉપનામથી જાણીતા ગુજરાતી લેખક અને પત્રકાર હતા. તેમના સર્જનમાં સામાજીક સંસ્કૃતિ અને ઉત્થાનની વાતો જોવા મળે છે.

## જીવન

તેમનો જન્મ ગુજરાતના ચરોતર પ્રદેશના પેટલાદ નજીક પેટલી ગામમાં થયો હતો. તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પેટલી, મલાતજ અને સોજિત્રામાં થયું હતું. ૧૯૩૫માં મૅટ્રિકની પરીક્ષા આપ્યા પછી તેમણે વડોદરાની પુરુષ અધ્યાપનશાળામાં તાલીમ લઈને, ૧૯૩૮માં ઉત્તમ પદની પદવી મેળવી. ૧૯૪૪ સુધી નેદરા અને સાણિયાદની શાળામાં શિક્ષણકાર્ય કર્યું અને ત્યાંથી સાહિત્યસર્જનનો આરંભ કર્યો હતો. આણંદથી પ્રકાશિત થતા 'પાટીદાર' અને 'આર્યપ્રકાશ'નું સંપાદન તથા લગ્નસહાયક કેન્દ્રનું સંચાલન. તેમણે *લોકનાદ*, ગુજરાત સમાચાર, સંદેશ, સ્ત્રી,

નિરીક્ષક વગેરે પત્રો-સામયિકોમાં સામાજિક અને રાજકીય વિષયો ઉપર નિયમિત કટારલેખન કરેલું. ૧૯૬૦ થી તેઓ અમદાવાદમાં સ્થાયી થયા. તેઓ પત્રકારત્વની સાથે સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધુ સક્રિય બનેલા. ૧૯૬૧માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. ૨૨ નવેમ્બર ૧૯૮૩ના રોજ હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતું.

## સર્જન

ગ્રામીણ સમાજ એની પૂરેપૂરી લાક્ષણિકતાઓ સાથે નિરૂપતી નવલકથાઓ અને ટૂંકીવાર્તાઓએ એમને સાહિત્યક્ષેત્રે આગવું સ્થાન અપાવ્યું છે. એમની પ્રથમ છતાં યશોદાયી નવલકથા 'જનમટીપ' (૧૯૪૪)માં મહીકાંઠાના ખેડ-ઠાકરડાની પછાત કોમનાં પાત્રો અને તેમના લોકવ્યવહારની સાથે કથાનાયિકા ચંદાની ખુમારી અને છટાનું પ્રભાવક રીતે નિરૂપણ થયું છે. એમની શ્રેષ્ઠ ગણાયેલી નવલકથા 'ભવસાગર' (૧૯૫૧)માં ગ્રામીણ સમાજની સાથે માનવીના આંતરમનની સંકુલ વાસ્તવિકતાનું કરુણ અને સ્પર્શક્ષમ આલેખન થયું છે. 'પંખીનો મેળો' (૧૯૪૮) અને તેના અનુસંધાનમાં લખાયેલી 'પાતાળકૂવો' (૧૯૪૭)માં ચોર-બહારવટિયાઓના આંતરબાહ્ય જીવનનું અને પોલીસોની ખટપટોનું રોમાંચક લાગે તેવું પણ મર્મસ્પર્શી ચિત્રણ

છે. ‘કાજળની કોટડી’ (૧૯૪૯)માં સ્વરાજ્ય મળ્યા પછીની પોલીસતંત્રની આંટીઘૂંટીઓનું આલેખન છે. આ ઉપરાંત ‘ધરતીનો અવતાર’ (૧૯૪૬), ‘કંકુ ને કન્યા’ (૧૯૪૬) ‘મારી હૈયાસગડી’ (૧૯૫૦) વગેરે નવલકથાઓમાં ગ્રામપ્રદેશનાં મનુષ્યોનાં સુખદુઃખ, આશાનિરાશા, સાંત્વનો, સમસ્યાઓ, રાગદ્વેષ, ગુણદોષ વગેરેનું એમણે પોતાના નક્કર અનુભવો તથા સમુચિત ભાષાશૈલીના બળ વડે સ્પર્શક્ષમ નિરૂપણ કર્યું છે.

ગ્રામજીવનની સજીવ અને રસિક નવલકથાઓની સાથોસાથ એમણે સાંપ્રત નગરજીવનને આલેખતી ‘તરણા ઓથે ડુંગર’ (૧૯૫૪), ‘યુગના એંધાણ’ (૧૯૬૧), ‘ઋણાનુબંધ’ (૧૯૬૩), ‘લાક્ષાગૃહ’ (૧૯૬૫), ‘જૂજવાં રૂપ’ (૧૯૬૭), ‘સેતુબંધ’ (૧૯૬૯), ‘અભિજાત’ (૧૯૭૧) વગેરે નવલકથાઓ પણ આપી છે. આ નગરકથાઓમાં સમયના બદલાતા જતા સંદર્ભમાં સ્ત્રી-પુરુષના સંબંધો અને લગ્નજીવનની સમસ્યાઓનું સમતોલપણે અને વાસ્તવવાદી દ્રષ્ટિએ નિરૂપણ થયું છે. એમની નવલકથાઓમાં સામાજિક સમસ્યાઓ અને એના ઉકેલો તથા નગરજીવનનાં દસ્તાવેજી ચિત્રો મોખરે રહ્યાં છે.

એમની નવલિકાઓ મુખ્યત્વે હેતુલક્ષી અને ઘટનાપ્રધાન છે. સંવેદનશીલ કથાવસ્તુ અને કલાત્મક નિરૂપણને કારણે એમની ‘લોહીની સગાઈ’, ‘દિલનું દર્દ’, ‘ગૃહત્યાગ’, ‘મધુરાં સ્વપ્નાં’, ‘ચતુર

મુખી' ઇત્યાદિ વાર્તાઓ હૃદયસ્પર્શી અને નોંધપાત્ર છે. સામાજિક નીતિ-રીતિને કારણે સરળહૃદયી મનુષ્યોએ ભોગવવી પડતી યાતનાઓ અને તેનાં કરુણ-ગંભીર પરિણામો એમની વાર્તાઓનો મુખ્ય વિષય રહ્યાં છે. 'પારસમણિ' (૧૯૪૯), 'ચિનગારી' (૧૯૫૦), 'આકાશગંગા' (૧૯૫૮), 'કથપૂતળી' (૧૯૬૨) વગેરે એમના નવલિકાસંગ્રહો છે.

જીવનનો વિશાળ અનુભવ, વૈવિધ્યભર્યાં પાત્રો અને પ્રસંગો, પાત્રોનું મનોવિશ્લેષણ ગામડાની લોકબોલી, કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉચિત ઉપયોગ તથા શૈલીની સાદાઈ ને સરળતાને કારણે એમનું કથાસાહિત્ય હૃદ્ય અને લોકપ્રિય બન્યું છે.

'ગ્રામચિત્રો' (૧૯૪૪), 'ધૂપસળી' (૧૯૫૩), 'ગોમતીઘાટ' (૧૯૬૧) અને 'વિદ્યાનગરના વિશ્વકર્મા' (૧૯૬૪) એમનાં ચરિત્રલક્ષી પુસ્તકો છે. 'ગ્રામચિત્રો'માં કટાક્ષ અને નર્મ-મર્મ દ્વારા ગામડાંના કેટલાંક પાત્રોનો પરિચય યથાતથ રીત આપ્યો છે. 'ધૂપસળી'ની મુલાકાતોમાં ગાંધીયુગની ભાવનાઓ અને તેમને ચરિતાર્થ કરવાના પુરુષાર્થનો આલેખ છે. અહીં દાદાસાહેબ માવળંકર, રવિશંકર મહારાજ મુનિ સંતબાલજી, ડૉ. ફૂક વગેરેની મુલાકાતો દ્વારા તેમની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. 'ગોમતીઘાટ'માં

'ધૂપસળી'નું અનુસંધાન છે. 'વિદ્યાનગરના વિશ્વકર્મા' માં ભાઈકાકાના હૃદયગુણોની મુદ્રા અંકાયેલી છે.

'જીવનદીપ' (૧૯૫૩), 'લોકસાગરને તીરે તીરે' (૧૯૫૪), 'સંસારના વમળ' (૧૯૫૭), 'સુદર્શન' (૧૯૬૦), 'મંગલ કામનાં' (૧૯૬૪), 'સંસ્કારધન' (૧૯૬૬), 'અમૃતમાર્ગ'(૧૯૬૮) વગેરે લેખસંગ્રહો એમના પત્રકારત્વની નીપજ છે.

# ગુલાબદાસ બ્રોકર

| ગુલાબદાસ બ્રોકર | |
|---|---|
| **જન્મ** | ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકર<br>20 September 1909<br>પોરબંદર, ગુજરાત |
| **મૃત્યુ** | 10 June 2006 (ઉંમર 96)<br>પુણે, મહારાષ્ટ્ર |

| | |
|---|---|
| **વ્યવસાય** | શેર દલાલ, લેખક, પત્રકાર |
| **ભાષા** | ગુજરાતી |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **નોંધપાત્ર પુરસ્કારો** | કુમાર સુવર્ણ ચંદ્રક (૧૯૬૮), પદ્મશ્રી (૧૯૯૧), રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૯૮), નરસિંહ મહેતા એવોર્ડ (૨૦૦૦) |
| **જીવનસાથી** | સુમન (લ. 1927; અવસાન 2004) |

**ગુલાબદાસ બ્રોકર** ગુજરાતી વાર્તાકાર, નાટ્યલેખક, પ્રવાસલેખક, વિવેચક, જીવનચરિત્રલેખક, સંપાદક હતા.

તેમનો જન્મ પોરબંદરમાં થયો હતો. મુંબઈની ન્યુ ભરડા સ્કૂલમાંથી ૧૯૨૬માં મૅટ્રિક થયા પછી ૧૯૩૦માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અંગ્રેજી-ગુજરાતી વિષયો સાથે બી.એ. કર્યું. આમ અભ્યાસ પુરો થતા તેઓ મુંબઈ શૅરબજારમાં બ્રોકર તરીકે જોડાયા. આ ગાળા દરમિયાન તેઓ દિલ્હીમાં ગુજરાતીના સલાહકાર મંડળમાં જોડાયા અને ૧૯૮૩થી તેની કારોબારીના સભ્ય રહ્યા.

પી.ઈ.એન.ના ફ્રાન્કફુર્ટ (જર્મની) અધિવેશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયા. ઉપરાંત ૧૯૬૨માં અમેરિકન સરકારના નિમંત્રણ થી સ્ટડી મિશન્સ ઇન્ટરનેશનલ માટે અમેરિકા ગયા. ૧૯૬૩માં તેઓ જર્મન સરકાર (પશ્ચિમ)ના નિમંત્રણથી ફરી ત્યાં ગયા. તેમની કૃતિઓ માટે તેમને ૧૯૬૮નો કુમાર ચંદ્રક મળ્યો અને ૧૯૭૪-૭૫ ના ગાળામાં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા.


## સર્જન

તેમના વાર્તાસંગ્રહોમાં 'લતા અને બીજી વાતો' (૧૯૩૮), 'વસુંધરા અને બીજી વાતો' (૧૯૪૧), 'ઊભી વાટે' (૧૯૪૪), 'સૂર્યા' (૧૯૫૦), 'માણસનાં મન'(૧૯૬૨), 'બ્રોકરની શ્રેષ્ઠ વાર્તાઓ' (૧૯૫૭), 'ભીતરનાં જીવન' (૧૯૬૭) અને 'પ્રેમ પદારથ' (૧૯૭૪) મુખ્ય છે. ઉપરાંત એમની 'ગુલામદીન ગાડીવાળો', 'નીલીનું ભૂત', 'સુરભિ', 'બા', 'પ્રેમ પદારથ' વગેરે વાર્તાઓ પણ ખુબ પ્રસિદ્ધિ પામી. સત્યકથાઓ માં 'પુણ્ય પરવાર્યું નથી' (૧૯૫૨), અને 'હરિનો મારગ' પણ નોધપાત્ર

રહ્યા. ઉપરાંત તેઓએ 'ધૂમ્રસેર' (૧૯૪૮) અને 'મનમાં ભૂત' વગેરે નાટ્યસંગ્રહ છે.


# ચુનીલાલ મડિયા

**ચુનીલાલ મડિયા**




ચુનીલાલ મડિયા મુંબઈ ખાતે, ૧૯૫૮

| | |
|---|---|
| **જન્મ** | ચુનીલાલ કાળિદાસ મડિયા<br>12 August 1922<br>ધોરાજી, ગુજરાત |
| **મૃત્યુ** | 29 December 1968 (ઉંમર 46)<br>અમદાવાદ, ગુજરાત |

| | |
|---|---|
| **વ્યવસાય** | નવલકથાકાર, ટૂંકી વાર્તા લેખક, કવિ, વિવેચક |
| **ભાષા** | ગુજરાતી |
| **રાષ્ટ્રીયતા** | ભારતીય |
| **શિક્ષણ** | બી.કોમ. |
| **માતૃ શિક્ષણ સંસ્થા** | • એચ. એલ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ<br>• સિડેનહામ કોલેજ, મુંબઈ |
| **લેખન પ્રકારો** | નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ, સોનેટ |
| **નોંધપાત્ર સર્જનો** | • *ધૂધવતા પૂર* (૧૯૪૫)<br>• *વ્યાજનો વારસ* (૧૯૪૬)<br>• *શરણાઇના સૂર* (૧૯૫૪)<br>• *લીલુડી ધરતી* (૧૯૫૭) |
| **નોંધપાત્ર પુરસ્કારો** | • નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૫૧)<br>• રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૫૭) |
| **સક્રિય વર્ષો** | ૧૯૪૫ - ૧૯૬૮ |
| **જીવનસાથી** | દક્ષા (૧૯૫૬ - ૧૯૬૮), મૃત્યુ સુધી |
| **સંતાનો** | અપૂર્વ, અમિતાભ (પુત્ર)<br>પૂર્વી (પુત્રી) |
| **સહી** |  |

**ચુનીલાલ કાળિદાસ મડિયા** (૧૨ ઓગસ્ટ, ૧૯૨૨ - ૨૯ ડિસેમ્બર, ૧૯૬૮) (ઉપનામો: *અખો રૂપેરો*, *કુલેન્દ્ર*, *વક્રગતિ*, *વિરંચિ*) ગુજરાતી નવલકથાકાર, નવલિકાકાર, નાટ્યકાર, વિવેચક અને કવિ હતા.

## જીવન



ધોરાજીમાં આવેલ ચુનીલાલ મડિયાનું જન્મસ્થળ

તેમનો જન્મ ૧૨ ઓગસ્ટ, ૧૯૨૨ ના રોજ ધોરાજી, રાજકોટમાં થયો હતો.

### અભ્યાસ

૧૯૩૯ માં તેમણે મૅટ્રિક પાસ કર્યું અને ૧૯૪૫માં મુંબઈની સિડનહામ કૉલેજમાંથી બી.કૉમ. ની પદવી મેળવી.

### વ્યવસાય

૧૯૪૬માં 'જન્મભૂમિ', મુંબઈમાં ૧૯૫૦માં 'યુસીસ', મુંબઈના ગુજરાતી વિભાગમાં. ૧૯૫૫માં અમેરિકા-પ્રવાસ. ૧૯૬૨માં 'યુસીસ' થી નિવૃત્ત. ૧૯૬૬ થી 'રુચિ' સાહિત્યિક સામયિકનું પ્રકાશન.

૨૯ ડિસેમ્બર, ૧૯૬૮ના રોજ હૃદયરોગથી અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

## સર્જન

'પાવકજવાળા' (૧૯૪૫), 'વ્યાજનો વારસ' (૧૯૪૬), 'ઈંધણ ઓછાં પડ્યાં' (૧૯૫૧), 'વેળા વેળાની છાંયડી' (૧૯૫૬), 'લીલુડી ધરતી'- ભા. ૧-૨

(૧૯૫૭), 'પ્રીતવછોયાં' (૧૯૬૦) 'શેવાળનાં શતદલ' (૧૯૬૦), 'કુમકુમ અને આશકા' (૧૯૬૨), 'સધરા જેસંગનો સાળો'- ભા. ૧-૨ (૧૯૬૨), 'ગ્રહાષ્ટક વત્તા એક' (૧૯૬૫), 'ઇન્દ્રધનુનો આઠમો રંગ' (૧૯૬૭), 'ધધરાના સાળાનો સાળો' (૧૯૬૮), 'આલા ધાધલનું ઝીંઝાવદર' (૧૯૬૮) વગેરે એમની નવલકથાઓ છે. પ્રાદેશિક નવલકથાઓના સર્જક તરીકે એમને યશ અપાવે એવી કૃતિઓ બહુ ઓછી છે, તેમ છતાં વાસ્તવરીતિ અને કટાક્ષરીતિથી એમની કથાસૃષ્ટિમાંથી ઊપસતો પ્રદેશ ભાવકના આસ્વાદનો વિષય થઈ પડે છે. પ્રદેશને ઉપસાવવાની એમની રીતિનું અહીં ઘણું મહત્ત્વ છે.

## નવલિકા

'ઘૂઘવતાં પૂર' (૧૯૪૫), 'શરણાઈના સૂર' (૧૯૪૫), 'ગામડું બોલે છે' (૧૯૪૫) 'પદ્મજા' (૧૯૪૭), 'ચંપો અને કેળ' (૧૯૫૦), 'તેજ અને તિમિર' (૧૯૫૨), 'રૂપ-અરૂપ' (૧૯૫૩), 'અંતઃસ્રોતા' (૧૯૫૬), 'જેકબ સર્કલ સાત રસ્તા' (૧૯૫૯), 'ક્ષણાર્ધ' (૧૯૬૨), 'ક્ષત-વિક્ષત' (૧૯૬૮) એ એમના નવલિકાસંગ્રહો છે. બહુધા માનવમનની ગૂંચને તાકતી એમની ટૂંકીવાર્તાઓમાંથી કેટલીક, ગુજરાતી વાર્તાસાહિત્યની ખરા અર્થમાં સીમાસ્તંભ કૃતિઓ બની રહે એ કક્ષાની છે. સંવાદોમાંથી અને વર્ણનકથનમાંથી પરિસ્થિતિને કે પરિવેશને નિરૂપવાની એમની કળા ઉલ્લેખનીય છે.

## નાટક

'હું અને મારી વહુ' (૧૯૪૯), 'રંગદા' (૧૯૫૧), 'વિષયવિમોચન' (૧૯૫૫), 'રક્તતિલક' (૧૯૫૬), 'શૂન્યશેષ' (૧૯૫૭), 'રામલો રોબિહનહૂડ' (૧૯૬૨)

વગેરે એમનાં ત્રિઅંકી અને એકાંકી નાટકનાં પ્રકાશનો છે. કેન્દ્રસ્થ ભાવને હળવાશથી પાત્રોના માધ્યમ દ્વારા મૂકતાં આ નાટકો રંગભૂમિને નજર સમક્ષ રાખીને લખાયેલાં છે. નાટ્યકાર તરીકેની સર્જકની આ વિશિષ્ટતા એમના નાટકોમાંથી પ્રગટ થયાં છે; એ રીતે તેઓ નાટ્યતત્ત્વજ્ઞ નાટ્યકાર ઠરે છે.

## <u>કાવ્ય સંગ્રહો</u>

'સૉનેટ' (૧૯૫૯) એમનો એકવીસ સૉનેટકાવ્યોનો સંગ્રહ છે.

## <u>સંપાદન</u>

એમનાં સંપાદનોમાં 'મડિયાની હાસ્યકથાઓ', 'મડિયાની ગ્રામકથાઓ', 'મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ', 'શ્રેષ્ઠ એકાંકીઓ', 'નટીશૂન્ય નાટકો', 'નાટ્યમંજરી' અને 'ઉત્તમ એકાંકી' જેવાં સંપાદનનો ઉલ્લેખનીય છે. જોકે આમાં મોટા ભાગનું સંપાદન પુનર્મુદ્રિત છે. 'શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ' અને 'કાળજાં કોરાણાં' એ પ્રખ્યાત અમેરિકન વાર્તાકારોની કૃતિઓની અનુવાદોના સંગ્રહો છે; તો 'આંતરરાષ્ટ્રીય એકાંકીઓ' અને 'કામણગારો કર્નલ' એ એમણે કરેલા નાટ્યાનુવાદો છે.

## નવલકથાઓ

*વ્યાજનો વારસ (૧૯૪૬)*

*લીલુડી ધરતી (૧૯૫૭)*

*સધરા જેસંગનો સાળો - ભા. ૧-૨ (૧૯૬૨)*

## અન્ય

'ગાંધીજીના ગુરુઓ' (૧૯૫૩)માં ગાંધીજીએ જેમને ગુરુ માનેલા તે શ્રીમદ્ રાજચંદ્ર, ગોપાલકૃષ્ણ ગોખલે, તોલ્સ્તોય ને રસ્કિન એ ચારનાં ચરિત્રો આલેખાયાં છે. 'વિદ્યાપ્રેમી ફાર્બસ' પણ એમની ચરિત્રપુસ્તિકા છે. 'ચોપાટીના બાંકડેથી' (૧૯૫૯) એ એમનો હળવી શૈલીના નિબંધોનો સંગ્રહ છે; તો 'જયગિરનારી' (૧૯૪૮) એમનું પ્રવાસની વિગતો આલેખતું પુસ્તક છે. 'વાર્તાવિમર્શ' (૧૯૬૧), 'ગ્રંથગરિમા' (૧૯૬૧), 'શાહમૃગ અને સુવર્ણમૃગ' (૧૯૬૬) અને 'કથાલોક' (૧૯૬૮) એ એમના, કથાસાહિત્યની સૈદ્ધાંતિક વિચારણા અને વ્યાવહારિક વિવેચનના ગ્રંથો છે. એમાંથી ખાસ કરીને નવલકથા-નવલિકા વિશેના લેખોમાંથી એમના એ અંગેના પાશ્ચાત્ય સાહિત્યના અભ્યાસનો પરિચય થાય છે. 'નાટક ભજવતાં પહેલાં' (૧૯૫૭), 'ગુજરાતી સાહિત્યમાં ડોકિયું' (૧૯૬૩) એમની પરિચયપુસ્તિકાઓ છે.

## પુરસ્કાર

૧૯૫૭માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણ ચંદ્રક એનાયત થયો હતો.